**આજનો સુવિચાર**

સંઘર્ષમાં માણસ એકલો હોય છે જયારે સફળતામાં આખી દુનિયા તેની સાથે હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૨૭ જૂનાગઢ તા.૧૧-૦૫-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 127, Junagadh : Date : 11 May, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ધો.૧૦નું પણ ઈતિહાસનું સૌથી ઉંચું રેકોર્ડ બ્રેક ૮૨.૫૬ ટકા પરીણામ



ગાંધીનગર તા. ૧૧

શિક્ષણ બોર્ડ દ્વારા ચાલુ વર્ષે ધો.૧૨ સાયન્સ-કોમર્સના વિક્રમી પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ આજે ધો.૧૦ (એસએસસી)નું પણ ઈતિહાસનું સૌથી ઉંચુ અને વિક્રમજનક ૮૨.૫૬ ટકા પરિણામ જાહેર કરાયું છે. વિદ્યાર્થીઓને ખુશખુશાલ કરી દેતા આ પરિણામમાં ગત વર્ષ કરતા ચાર ગણા વધુ એટલે કે ૨૩૨૪૭ વિદ્યાર્થીઓએ સૌથી ટોચના એ-૧ ગ્રેડમાં સ્થાન હાંસલ કર્યુ છે. ૨૦૨૩ની સરખામણીએ આ પરિણામ ૧૭.૯૪ ટકા ઉંચુ આવ્યું છે.

સમગ્ર રાજયમાં અગાઉના પરિણામોની જેમ એ-૧ ગ્રેડમાં સૌથી વધુ સુરતના ૪૮૭૦ વિદ્યાર્થી છે. તે બાદ રાજકોટ જિલ્લાના ૨૭૯૧ વિદ્યાર્થીઓનો ટોપ ગ્રેડમાં સમાવેશ થયો છે. ધો.૧૦ના પરિણામમાં પણ સૌરાષ્ટ્રના જિલ્લાઓનું પરિણામ ઘણું સુધર્યુ છે. સૌરાષ્ટ્રમાં સૌથી ઉંચુ બોટાદ જિલ્લાનું ૮૫.૮૮ ટકા પરિણામ છે. આ સિવાય રાજકોટ, ભાવનગર, કચ્છ, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી જિલ્લાના પરિણામ પણ ૮૦ ટકા ઉપર આવ્યા છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ રાજકોટ જિલ્લાના ૨૭૯૧ બાદ ભાવનગર જિલ્લાના ૧૫૭૫ વિદ્યાર્થી એ-૧ ગ્રેડમાં સામેલ છે.

આજે બોર્ડે જાહેર કરેલા પરિણામ અનુસાર ૬૯૯૫૯૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી ૫૭૭૫૬૬ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. સમગ્ર રાજયમાં સૌથી વધુ પરિણામ ગાંધીનગર જિલ્લાનું ૮૭.૨૨ ટકા અને સૌથી ઓછું પોરબંદર જિલ્લાનું ૭૪.૫૭ ટકા આવ્યું છે. કેન્દ્રોમાં સૌથી વધુ પરિણામ ભાવનગર જિલ્લાના તલગાજરડા કેન્દ્રનું ૧૦૦ ટકા અને અમદાવાદ જિલ્લાના દાલોદ કેન્દ્રનું ૧૦૦ ટકા આવ્યું છે. સૌથી ઓછું પરિણામ ધરાવતું એક કેન્દ્ર ભાવનગર જિલ્લાનું ૪૧.૪૩ ટકા છે. સમગ્ર રાજયમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પાંચ ગણી વધી ગઈ છે. ૨૦૨૩માં ૨૭૨ શાળાનું પરિણામ ૧૦૦ ટકા હતું. આ વર્ષે ૧૩૮૯ શાળાના તમામ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ૩૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓ ગત વર્ષે ૧૦૮૪ હતું. જે આ વર્ષે ૨૬૪ થઈ છે. ઝીરો ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પણ ૧૫૭માંથી ઘટીને ૭૦ થઈ છે.

### યુપીનાં સીતાપુરમાં કાળજુ કંપાવી દેતી ઘટના :

## પત્ની, માતા, ત્રણ માસુમ બાળકોને મોતને ઘાટ ઉતારી યુવકે આત્મહત્યા કરી લીધી

સીતાપુર તા. ૧૧

યુપીના સીતાપુરમાં કાળજુ કંપાવી દે તેવી ઘટના બહાર આવી છે. સીતાપુરમાં એક યુવકે તેના આખા પરિવારને ખતમ કરી નાંખ્યો છે. આ યુવકે માતાને ગોળી મારી હત્યા કરી હતી. બાદમાં પત્નીને ગોળી માર્યા બાદ તેણે હથોડી વડે તેનું માથું છુંદી નાખ્યું હતું. યુવક આટલેથી જ અટક્યો નહોતો. તેણે પોતાના માસુમ ત્રણ બાળકોને ધાબા પરથી નીચે ફેંકી દીધા હતા. ત્રણેય બાળકો નીચે પટકાતા મોતને ભેટ્યા હતા. પોતાના આખા પરિવારની હત્યા કર્યા બાદ યુવક ઘરની બહાર આવીને પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. મામલો યુપીના સીતાપુરના રામપુર પોલીસ સ્ટેશનના પાલાપુર ગામનો છે.

હત્યાનું કારણ જણાવવા માટે પરિવારમાં કોઈ બચ્યું જ નથી. ગ્રામજનો સાથેની વાતચીત દરમિયાન બે કારણો સામે આવ્યા છે. પહેલા તેની પત્ની અને માતા તેને વ્યસન મુક્તિ કેન્દ્રમાં મોકલવા માંગતા હતા જેથી દારૂની લત છુટે. બીજું- નશાના કારણે તે ખેતીમાં ધ્યાન આપતો નહોતો અને આ બાબતે ઘરમાં ઝઘડો થતો હતો..

ગ્રામજનોએ જણાવ્યું કે આજે સવારે લગભગ પાંચ વાગ્યાની આસપાસ ગામલોકોએ ગોળીબારનો અવાજ સાંભળ્યો હતો. આ પછી તેઓ પોતાના ઘરની બહાર આવ્યા. અનુરાગ બંદૂક લઈને ઘરની બહાર નીકળ્યો હતો. પછી તેણે પોતાની કાનપટ્ટી પર બંદૂક રાખી અને ગોળી મારી આત્મહત્યા કરી હતી. ગામલોકો તેને રોકે ત્યાં સુધીમાં તેણે ગોળી ચલાવી દીધી હતી.

પાડોશીઓ ઘરની અંદર ગયા. ત્રણેય બાળકો ઘરના આંગણામાં લોહીથી લથપથ પડ્યા હતા. એવું લાગતું હતું કે જાણે તેમને છત પરથી નીચે ફેંકવામાં આવ્યો હોય. રૂમમાં અનુરાગની માતાની લાશ પડી હતી. તેની પત્નીની ડેડ બોડી ટેરેસ પર હતી. ત્યારબાદ ગ્રામજનોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ફોરેન્સિક એક્સપર્ટને બોલાવ્યા હતા. ક્રાઈમ સ્પોટ સીલ કરી તપાસ હાથ ધરી હતી.

## ઝાંસી - કાનપુર હાઈવે પર બનેલી દુર્ઘટનામાં કારમાં સવાર વરરાજા સહિત ચાર જીવતા સળગી ગયા

ઝાંસી, તા.૧૧: ઝાંસી જીલ્લામાં મોટી દુર્ઘટનાં સર્જાવા પામી હતી. જેમાં જાન લઈને જઈ રહેલ જાનૈયાઓને અકસ્માત નડતા વરરાજા સહિત ચાર લોકોનાં ઘટનાં સ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા.

ઝાંસી જિલ્લાના એરિચ પોલીસ સ્ટેશન વિસ્તારના બિલાટી ગામમાં રહેતા આકાશના લગ્ન ૧૦ મેના રોજ થયા હતા. તે લગ્નની જાન સાથે બાડા ગામ પોલીસ સ્ટેશન વિસ્તારના છાપર ગામ જઈ રહ્યો હતો. આકાશ તેના ભાઈ આશિષ, લગભગ ૭ વર્ષના ભત્રીજા આશુ અને બે સંબંધીઓ સાથે કારમાં સવાર હતો. જ્યારે કાર બડા ગાંવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાનપુર હાઈવે પર પરીછા ઓવર બ્રિજ પર પહોંચી ત્યારે કારને પાછળથી આવી રહેલા ડીસીએમ વાહને ટક્કર મારી હતી.

ઝાંસી-કાનપુર હાઈવે પર ડીસીએમ અને કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. થોડી જ વારમાં બંને વાહનોમાં આગ લાગી હતી અને કારમાં સવાર વરરાજા સહિત ચાર લોકો બળીને રાખ થઈ ગયા હતા. જયારે બે લોકોનો આબાદ બચાવ થયો હતો. બંને ઘાયલ છે અને તેમને સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટનામાં વરરાજા, વરરાજાના ભાઈ, વરરાજાના ભત્રીજા અને કાર ચાલક બળીને ખાખ થઈ ગયા હતા.

## દિલ્હી સહિત અનેક વિસ્તારોનાં હવામાનમાં પલ્ટો આંધી - તોફાન : બેનાં મોત : ૨૭ ઘાયલ

નવી દિલ્હી,તા.૧૧


આકરા ઉનાળાનો સામનો કરતા દેશનાં પાટનગર દિલ્હી સહીતનાં અનેક ભાગોમાં હવામાન પલ્ટો સર્જાયો છે. દિલ્હીમાં ભારે વરસાદ વચ્ચે આંધી-તોફાનનું તાંડવ સર્જાતા સંખ્યાબંધ વૃક્ષોનો સોથ વાળ્યો હતો અને મકાનો ધરાશાયી થયા હતા. ભીષણ ટ્રાફીક જામ વચ્ચે બે લોકોના મોત થયા છે. જયારે ૨૩ લોકો ઘાયલ થયા હતા. ઉતરાખંડ, તામિલનાડુ તથા રાજસ્થાનમાં પણ સમાન હાલત હતી અને અનેક રાજયોમાં વરસાદ-આંધી ફુંકાવાની આગાહી કરવામાં આવી હતી.

પાટનગર દિલ્હી-એનસીઆરમાં ગત મોડી રાત્રે એકાએક આંધીની આફત સર્જાઈ હતી. વરસાદ વચ્ચે આંધી ફુંકાતા અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા હતા. મકાનો-ઈમારતો ક્ષતિગ્રસ્ત બન્યા હતા. જમીન દોસ્ત થયા હતા. વૃક્ષ નીચે દબાઈ જતા બે લોકોનાં મોત નિપજયા હતા. જયારે ૬ ઘાયલ થયા હતા. ઈમારત પડવાની ઘટનામાં ૧૭ લોકો ઘાયલ થયા હતા.

## ચીન ઢીલુ પડયું : ભારત સાથે સંબંધ સુધારવા જિનપીંગે રાજદૂતને દિલ્હી મોકલ્યા

નવી દિલ્હી, તા.૧૧: વાસ્તવિક નિયંત્રણ રેખા પર અથડામણ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધો ખૂબ જ ખરાબ થયા છે. થોડાં વર્ષો પછી અનેક વિવાદો વચ્ચે, ચીને તેના રાજદૂતને પાછા બોલાવ્યા અને હવે લગભગ ૧૮ મહિનાના લાંબા અંતરાલ બાદ આખરે ચીને તેના એક રાજદૂતને ભારત મોકલ્યા છે. શુક્રવારે જુફેઈહોંગ તેની પત્ની ટેન યુક્સી સાથે બૈજિંગથી નવી દિલ્હી પહોંચ્યા હતા. આ સાથે બંને દેશો વચ્ચેની મડાગાંઠ ઓછી થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

જૂને કહ્યું કે ચીન એકબીજાની ચિંતાઓને દૂર કરવા અને વાતચીત દ્વારા મુદ્દાઓનો ઉકેલ શોધવા માટે ભારત સાથે કામ કરવા તૈયાર છે. જૂન આ પહેલા અફઘાનિસ્તાન અને રોમાનિયામાં ચીનના રાજદૂત તરીકે કામ કરી ચુકયા છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ દ્વારા તેમને ભારતમાં ૧૭મા ચીનના રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તે જ સમયે, પ્રદીપ કુમાર રાવત માર્ચ ૨૦૨૨ થી બૈજિંગમાં ભારતનાં એમ્બેસેડર તરીકે કામ કરી રહ્યા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

## ખાદ્ય પદાર્થોની ગુણવત્તાની તપાસ થાય છે ખરી ?

એનું આશ્ચર્ય નહીં કે હોંગકોંગ અને સિંગાપોરમાં ભારતની બે કંપનીઓના મસાલામાં કથિત રીતે કેન્સરકારક તત્ત્વો મળી આવવા અને તેના પર પ્રતિબંધ લગાવ્યા બાદ અમેરિકા પણ આ કંપનીઓના મસાલાની તપાસમાં જોડાઈ ગયું છે. આવનાર દિવસોમાં એવા સમાચારો અન્ય દેશોમાંથી પણ આવી શકે છે. અંદેશો એનો પણ છે કે મસાલાની સાથે ભારતીય કંપનીઓના અન્ય ઉત્પાદનોની ગુણવત્તાને લઈને પણ સવાલ ઉઠી શકે છે. જેમ જેમ ભારતીય ઉત્પાદનોની નિકાસ વધશે, તેમ તેમ તેમણે આવી પરેશાનીઓનો સામનો કરવો પડી શકે છે. હાલમાં એ કહેવું મુશ્કેલ છે કે હોંગકોંગ અને સિંગાપોર દ્વારા એમડીએચ અને એવરેસ્ટના મસાલાને લઈને જે ફરિયાદ કરવામાં આવી, તે કેટલી સાચી છે, પરંતુ એ યોગ્ય રહેશે કે એ તમામ ભારતીય કંપનીઓ સચેત થઈ જાય, જે પોતાનાં ઉત્પાદનોની નિકાસ કરે છે. તેમની ગુણવત્તાની ગહન પરખ થવાની સાથે સાથે પ્રતિસ્પર્ધા અથવા ઈર્ષ્યાવશ પણ તેમને કઠેરામાં ઊભી કરી શકાય છે. એનાથી સંતુષ્ટ ન થવાય કે હોંગકોંગ અને સિંગાપોર દ્વારા પગલાં ભર્યા બાદ ભારતીય મસાલા બોર્ડ સાથે ભારત સરકાર પણ સક્રિય થઈ, કારણ કે એ તો પહેલેથી જ સુનિશ્ચિત કરવું જોઈતું હતું કે જે મસાલા નિકાસ થઈ રહ્યા છે, તેમની ગુણવત્તા યોગ્ય છે કે નહીં?

એ માનવાનાં ઘણાં કારણો છે કે એફએસએસએઆઈ એટલે કે ભારતીય ખાદ્ય સુરક્ષા માપદંડ પ્રાધિકરણ પોતાનું કામ યોગ્ય રીતે નથી કરી રહ્યું. એ હાલમાં ત્યારે ઈંગિત થયું હતું, જ્યારે બહુરાષ્ટ્રીય કંપની નેસ્લેના ઉત્પાદન સેરેલેક વિશે જાણવા મળ્યું હતું કે તેમાં ખાંડની માત્રા ક્યાંય વધારે છે. શું એ વિચિત્ર નથી કે એફએસએસએઆઈ દ્વારા હવે એમ કહેવાઈ રહ્યું છે કે આખા દેશમાં મસાલાની ગુણવત્તાની તપાસ કરવામાં આવશે? આખરે આ કામ પહેલાં જ સમય રહેતાં કેમ ન કરવામાં આવ્યું? યોગ્ય એ રહેશે કે આ તપાસ મસાલા સુધી જ સીમિત ન રહે, કારણ કે દેશમાં વેચાતા કેટલાય ખાદ્ય અને પેય પદાર્થો એવા છે, જેમની ગુણવત્તાને લઈને શંકા થતી રહે છે અને ફરિયાદો પણ આવતી રહે છે. ખાદ્ય અદ્વે પેય પદાર્થોની ગુણવત્તા સાથે જાણીજોઈને સમજૂતી કરવાની સાથે તેમાં અખાદ્ય અને હાનિકારક સામગ્રીની ભેળસેળ બહુ સામાન્ય છે. તેનું મોટં કારણ તેની ગુણવત્તાની તપાસ યોગ્ય રીતે નહીં થવાનું છે. આ સમસ્યા દવાઓ મામલે પણ જોવા મળી છે. દવાઓનાં સેમ્પલ માત્ર તપાસમાં ફેલ જ નથી થતાં, પરંતુ સરકારી હોસ્પિટલો સુધીમાં ઉતરતા દરજ્જાની અને ક્યારેક તો નકલી દવાઓ ખપાવવાના સમાચાર આવતા રહે છે. તેની પણ અવગણના ન કરી શકાય કે કેટલાક સમય પહેલાં ભારતથી નિકાસ થનારી ખાંસીની દવાઓમાં વિષાક્ત પદાર્થની ભેળસેળના કિસ્સા સામે આવ્યા હતા. એવા મામલે ભારતની શાખને કમજોર કરવાની સાથે જ દેશના ફાર્મા ઉદ્યોગને પણ ક્ષતિ પહોંચાડે છે.

### બોમ્બે હાઈકોર્ટે રાજ્ય ચૂંટણી પંચને પ્રશ્નો કર્યા

# ચૂંટણી એ મહત્વનું કામ છે તો કાયદાનું પાલન નહીં થાય?

### એક સામાન્ય માણસ અનુભવી શકે છે કે આ મહત્વપૂર્ણ છે, પરંતુ જો આપણે આને મંજૂરી આપીશું તો તે ગેરકાયદેસર પ્રવૃત્તિને સંમતિ આપવા જેવું થશે

નવી દિલ્હી, તા.૧૧

મુંબઈ હાઈકોર્ટે ગુરુવારે મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે પુણેમાં જાહેર જનતા માટે આરક્ષિત ખુલ્લી જગ્યાનો જે રીતે કબજો લીધો તેના પર ચિંતા વ્યક્ત કરી હતી. રાજ્ય ચૂંટણી પંચ આ જગ્યાએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન અને વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રેલ રાખશે. ચીફ જસ્ટિસ ડીકે ઉપાધ્યાય અને જસ્ટિસ આરિફ ડૉક્ટરની બેંચ પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના પ્રશાંત રાઉલ દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલની સુનાવણી કરી રહી હતી. અરજદારે રાજ્ય ચૂંટણી પંચના અધિકારીઓના આકુડી મેટ્રો ઈકો પાર્કનો ઉપયોગ કરવાના પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો.આ જમીનનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન, VVPAT રાખવા અને ભારતના ચૂંટણી પંચના પ્રાદેશિક ચૂંટણી પ્રશિક્ષણ કેન્દ્ર તરીકે વેરહાઉસ બનાવવા માટે થવાનો હતો. અરજદારનો આરોપ છે કે પાર્કની અંદર કેટલીક ખુલ્લી જગ્યા કથિત રીતે ગેરકાયદેસર રીતે આ હેતુ માટે SECને ટ્રાન્સફર કરવામાં આવી હતી. ખંડપીઠે પ્રશ્ન કર્યો હતો કે જમીનનો ભાગ રાજ્ય ચૂંટણી પંચને કેવી રીતે ફાળવવામાં આવ્યો.કોર્ટે કહ્યું, ‘અમે અહીં જે જોયું છે તે એ છે કે જિલ્લા કલેક્ટરે જમીન તેમના નિયંત્રણ હેઠળ લઈ લીધી છે અને તેઓ મુખ્ય ચૂંટણી અધિકારી હોવાથી, તેમના કહેવા પર જમીનનો કબજો ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનના સંગ્રહ માટે SECને આપવામાં આવ્યો છે. અને VVPATs. સરકાર જમીનની માલિક નથી, પરંતુ તે પરવાનગી કે ચૂકવણી વિના જમીન પર કબજો કરી રહી છે. આ ફાળવણી કેવી રીતે કરવામાં આવી હતી? ચૂંટણીઓ જાહેર હેતુ પૂરા પાડે છે, માત્ર એટલા માટે કે તેમની સાથે જોડાયેલી પ્રવૃત્તિઓને કાયદાકીય પરવાનગીની જરૂર નથી?’ કોર્ટે એમ પણ પૂછ્યું હતું કે રાજ્યના જમીન કાયદા મુજબ જમીનના વપરાશમાં ફેરફાર કર્યા વિના તેનો તાત્કાલિક ઉપયોગ કેવી રીતે થઈ શકે? ચીફ જસ્ટિસે કહ્યું, ‘જો આપણે ચૂંટણી કરાવવાના નામે આને મંજૂરી આપીએ તો કેટલીક ચિંતાઓ ઊભી થાય છે. ખૂબ વિચાર-વિમર્શ બાદ આ પ્લોટ ચોક્કસ હેતુ માટે અનામત રાખવામાં આવ્યા છે. ઓછામાં ઓછા 600 રોપા વાવવામાં આવ્યા છે. અમે આ જગ્યાને ગેરકાયદેસર રીતે છેડછાડ કરવાની મંજૂરી આપી શકીએ નહીં. અમારી ચિંતા માત્ર જમીનના ઉપયોગમાં ફેરફારની નથી, પરંતુ તે જે રીતે લેવામાં આવી છે તેની (ચૂંટણીને કારણે) છે. એક સામાન્ય માણસ અનુભવી શકે છે કે આ મહત્વપૂર્ણ છે. પરંતુ જો આપણે આને મંજૂરી આપીશું તો તે ગેરકાયદેસર પ્રવૃત્તિને સંમતિ આપવા જેવું થશે.એસઈસી તરફથી હાજર રહેલા એડવોકેટ આશુતોષ કુંભકોણી અને અક્ષય શિંદેએ કોર્ટને માહિતી આપી હતી કે તાજેતરમાં જે જમીન ટ્રાન્સફર કરવામાં આવી છે તેનો ઉપયોગ કોઈપણ પ્રવૃત્તિ માટે કરવામાં આવશે નહીં અને ઉભા વૃક્ષો કાપવામાં આવશે નહીં. ખંડપીઠે તેના આદેશમાં આ નિવેદન નોંધ્યું હતું અને કહ્યું હતું કે તે 18 જૂન સુધી અમલમાં રહેશે જ્યારે કોર્ટ અરજીની યોગ્યતાઓ પર વિચાર કરશે. કોર્ટે SEC, PCMC, પુણે મેટ્રોપોલિટન રિજનલ ડેવલપમેન્ટ રિજન (PMRDA) અને મહારાષ્ટ્ર સરકારને પણ નોટિસ પાઠવી હતી અને કહ્યું હતું કે, ‘આ બાબતને ધ્યાનમાં લેવાની જરૂર છે, કારણ કે તે વિશાળ જાહેર હિત અને પર્યાવરણની ચિંતા કરે છે. તેથી, અમે તમામ પ્રતિવાદીઓને 10 જૂન સુધીમાં તેમના સોગંદનામા દાખલ કરવા અપીલ કરીએ છીએ.

## દેશમાં નાના શહેરો અને નગરોમાં પણ લક્ઝરી હોટલો ખુલી રહી છે



નવી દિલ્હી તા. ૧૧

જમ્મુ-કાશ્મીરના કટરા, મધ્યપ્રદેશના મહુ-રીવા, ઉત્તર પ્રદેશમાં મથુરા-વૃંદાવન, હરિયાણામાં સોનીપત, હિમાચલમાં ચેઈલ જેવા દેશના નાના શહેરો અને નગરોમાં મોટી હોટેલો હવે નવો ટ્રેન્ડ બની ગયો છે. મેરિયોટ ઈન્ટરનેશનલ, ટાટાની આઈએચસીએલ, રેડિસન હોટેલ્સ જેવી દેશ અને દુનિયાની મોટી હોટેલ ચેઈન્સ હવે નાના શહેરો અને નગરોમાં લક્ઝરી હોટેલ્સ ખોલી રહી છે.

અત્યાર સુધી આ મોટી હોટેલો દેશના માત્ર ટિયર-૧ અને ટિયર-૨ શહેરોમાં જ હતી, પરંતુ હવે તે ઝડપથી ટિયર-૩ અને ટિયર-૪ શહેરો તરફ આગળ વધી રહી છે. સરોવર હોટેલ ચેઈનના મેનેજિંગ ડિરેક્ટર અજય કે બક્યાએ જણાવ્યું હતું કે– નાના શહેરો અને નગરોમાં રૂ. ૬ હજારથી રૂ. ૧૪ હજાર સુધીના રૂમ ઉપલબ્ધ છે. અને આ હોટલોમાં ગેસ્ટ પણ આવી રહ્યા છે. તેનો અર્થ એ થયો કે અહીં માર્કેટમાં વધારો થયો છે. શહેરોના હોટેલ માર્કેટમાં સ્પર્ધા ઝડપથી વધી છે. અજયએ જણાવ્યું હતું કે- હોટલનો સૌથી મોટો ખર્ચ જમીન છે. ટિયર-૩-૪ શહેરોમાં જમીન સસ્તી મ?ળી રહે છે.

ટિયર-૧ અને ૨ શહેરો કરતાં ઓપરેશન કોસ્ટ ઘણી ઓછી છે. તેઓએ જણાવે છે કે- હવે આ શહેરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો થયો છે. મેરિયટે કટરામાં તેની ૧૫૦મી હોટેલ ખોલી છે. રેડિસને હાલમાં જ ઓડિશાના ગોપાલપુરમાં તેની એક હોટલ ખોલી છે. ગયા વર્ષે દેશના ૧૨૮ શહેરોમાં ૩૦ હજાર હોટલ રૂમનો વધારો થયો હતો.

નાના શહેરોમાં બ્રાન્ડેડ હોટલ કરતાં બ્રાન્ડેડ લક્ઝરીની વધુ માગ છે. સ્થાનિક હોટલો પણ લક્ઝરી રૂમ તૈયાર કરી રહી છે. નાની હોટલ ચેઈન્સ પણ ટાયર-૩ અને ચાર શહેરોમાં હોટલ ખોલી રહી છે. તેઓ ધ્યાન રાખે છે કે મહેમાનને લક્ઝરી લાગે. આ માટે જરૂરી નથી કે તે બ્રાન્ડેડ હોટેલ ચેઈન હોય.

## બ્લેડ જેવા દાંતવાળા સાપની એક પ્રજાતિ થાઈલેન્ડમાં જોવા મળે છે



બેંગકોક,તા.૧૧

અત્યાર સુધી સાપને જમીન પર સરકતો જોવો સામાન્ય વાત હતી, પરંતુ થાઈલેન્ડમાં એક દુર્લભ પ્રજાતિનો સાપ જોવા મળ્યો છે જે ઝડપથી સીધા ઊંચા પહાડો પર ચઢી જાય છે.તેમાં બ્લેડ જેવા દાંત હોય છે.

દક્ષિણ થાઈલેન્ડના સાતુન અને ત્રાંગ પ્રાંતમાં કુકરી સાપની નવી પ્રજાતિની શોધ થઈ છે. થાઈલેન્ડના હેરી વોર્ડ સ્મિર્થ જણાવેલ હતું. કે તેણે ૫૦ ફુટની ઊંચાઈએ ચઢીને કુકરી સાપની પ્રજાતિનો નમૂનો એકત્રિત કર્યો હતો.

આ શોધ ગયા મહિને વર્ટેબ્રેટ ઝુઓલોજીમાં પ્રકાશિત થયેલા અભ્યાસ બાદ કરવામાં આવી છે. તેમાં બ્લેડ જેવા બે મોટા અને તીક્ષ્ણ દાંત હોય છે.તેને ગુફા કુકરી સાપ નામ આપવામાં આવ્યું છે.તેના શરીરની રચના પણ અલગ છે કુકરી સાપના શરીર પરના ભીંગડા તેને પર્વત પર ઝડપથી ચઢવામાં મદદ કરે છે. અન્ય સરિસૃપ નિષ્ણાંત ગ્રાસ્બી લુઈસે એક મહત્વપૂર્ણ શોધ ગણાવી છે.સંશોધકો માને છે કે પર્વતોમાં આવા વધુ જીવો મળી શકે છે ગયા વર્ષે જ થાઈલેન્ડમાં ઘાસ જેવો સાપ જોવા મળ્યો હતો.

### ૧૦ મહિના સુધી હેરાન કરવાનો આરોપ

## પ્રજ્વલ રેવન્ના સેક્સ ટેપનો પર્દાફાશ કરનાર બીજેપી નેતા પર જાતીય સતામણીનો આરોપ

### ભાજપના નેતા દેવરાજ ગૌડા વિરુદ્ધ હોલેનરસીપુરા ટાઉન પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧

પ્રજવલ રેવન્નાના કથિત સેક્સ સ્કેન્ડલનો પર્દાફાશ કરનાર બીજેપી નેતા દેવરાજ ગૌડા પર જાતીય સતામણીના આરોપો લગાવવામાં આવ્યા છે. આ કેસમાં એફઆઈઆર ૧ એપ્રિલે નોંધવામાં આવી હતી. જોકે હવે આ વાતનો ખુલાસો થયો છે. દેવરાજ ગૌડા એ જ વ્યક્તિ છે જેને પૂર્વ પીએમ દેવેગૌડાના પૌત્ર અને કર્ણાટકના હાસનના સાંસદ પ્રજ્વલ રેવન્નાના કથિત સેક્સ સ્કેન્ડલનો પર્દાફાશ કરવામાં મુખ્ય પાત્રોમાંથી એક માનવામાં આવે છે.દેવરાજ ગૌડા વિરુદ્ધ હોલેનારસીપુરા ટાઉન પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. મહિલાના પતિએ ૩૦ માર્ચે દેવરાજ ગૌડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. તેણે આરોપ લગાવ્યો છે કે ગૌડા તેના ઘરમાં ઘૂસી ગયો, તેની સાથે દુર્વ્યવહાર કર્યો અને ધમકી પણ આપી. જો કે આ મામલો પ્રોપટીના વેચાણ સાથે જોડાયેલો હોવાનું મનાય છે.

મહિલા દેવરાજ ગૌડાને પ્રોપટી સંબંધિત એક બાબતે ઓળખતી હતી. મહિલાનો દાવો છે કે દેવરાજે મદદના નામે તેનું યૌન ઉત્પીડન કર્યું હતું. ફ્રેંઈ મુજબ, દેવરાજ ગૌડાએ મહિલાને તેની મિલકત વેચવામાં મદદ કરવાના બહાને ૧૦ મહિના સુધી હેરાન કર્યા.ફરિયાદમાં પીડિતાએ પોલીસને જણાવ્યું છે કે દેવરાજ ગૌડા તેને એકાંત સ્થળે લઈ ગયો અને તેની છેડતી કરી. એટલું જ નહીં ગૌડાએ તેના પતિને મારી નાખવાની ધમકી પણ આપી હતી. પીડિતાએ તેના પરિવાર માટે સુરક્ષાની પણ માંગ કરી છે.કથિત સેક્સ સ્કેન્ડલ કેસના ઘટસ્ફોટમાં પ્રજ્વલ રેવન્નાના જૂના ડ્રાઈવરની સૌથી મોટી ભૂમિકા છે. દાવા મુજબ, કાર્તિક પાસે એક પેનડ્રાઈવ હતી જેમાં પ્રજ્વલનો અલગ-અલગ યુવતીઓ સાથે અશ્લીલ વીડિયો હતો. આ પેન ડ્રાઈવ વડે તેઓ બીજેપી નેતા દેવરાજ ગૌડાને મળ્યા. દેવરાજે કાર્તિકને વિશ્વાસમાં લઈને પેન ડ્રાઈવ મેળવી હતી. આ પછી દેવરાજે બીજેપીના ઉચ્ચ અધિકારીઓને પ્રજ્વલને ટિકિટ ન આપવાની માંગ કરી. દેવરાજ કહે છે કે તેણે તે પેન ડ્રાઈવની કેટલીક કોપી કોંગ્રેસ નેતાઓને પણ આપી હતી. બાદમાં આ વીડિયો વાયરલ થયો હતો.

## ઈશાન-ઐય્યરને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર રાખવાનો નિર્ણય ચીફ સિલેક્ટરનો હતો

નવી દિલ્હી, તા.૧૧

બીસીસીઆઈ સચિવ જય શાહે એક મોટો ખુલાસો કર્યો છે. શાહે જણાવ્યું છે કે ઈશાન કિશન અને શ્રેયસ ઐય્યરને બીસીસીઆઈના એન્યુઅલ કોન્ટ્રાક્ટથી બહાર કરવાનો નિર્ણય કોણે લીધો હતો. અત્રે જણાવવાનું કે આ વર્ષે જાહેર થયેલા બીસીસીઆઈના એન્યુઅલ કોન્ટ્રાક્ટમાંથી આ બંને ખેલાડીનું પત્તું કપાઈ ગયું હતું. ત્યારબાદ તો અનેક દિગ્ગજોએ બોર્ડના આ નિર્ણય પર પોતાનો મત પણ વ્યક્ત કર્યો હતો.

હવે જય શાહે કહ્યું કે ઈશાન કિશન અને શ્રેયસ ઐય્યરને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર રાખવાનો નિર્ણય ચીફ સિલેક્ટરનો હતો. વાત જાણે એમ છે કે બીસીસીઆઈ તરફથી નિર્દેશ મળવા છતાં ઘરેલુ ટુર્નામેન્ટ નહીં રમવા બદલ ઈશાન કિશન અને શ્રેયસ ઐય્યરને કોન્ટ્રાક્ટમાંથી બહાર રાખવામાં આવ્યા. ઈશાને ગત વર્ષ વનડે વર્લ્ડ કપ બાદ લાંબો બ્રેક લીધો અને સીધો હાલ ચાલી રહેલી આઈપીએલમાં જ રમતો જોવા મળ્યો. જ્યારે ઐય્યરે રણજી ટ્રોફીમાં સેમી ફાઈનલ અને ફાઈનલ સહિત મુંબઈ માટે કેટલીક મેચ રમી. મુંબઈ ટીમ જ્યારે રણજી રમી રહી હતી ત્યારે ઐય્યર કોલકાતા નાઈટ રાઈડર્સના મુંબઈ શિબિરમાં ભાગ લઈ રહ્યો હતો.

જય શાહે બીસીસીઆઈ કાર્યાલય પર મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે, તમે બંધારણ જોઈ શકો છો. હું બસ સિલેક્શન કમિટીની બેઠક બોલાવું છું. તેમણે વધુમાં કહ્યું કે તે નિર્ણય અજીત અગરકરનો હતો. જ્યારે આ બંને ખેલાડીઓએ ઘરેલુ ક્રિકેટ ન ખેલી તો તેમને બહાર રાખવાનો નિર્ણય પણ અગરકરનો જ હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ધીરજવાન એટલે જ્યાં સુધી ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી થાક્યા વિના ક્રિયાશીલ રહેનાર મનુષ્ય...

- નીતિ શતક

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૪ વિનાયક ચતુર્થી તા.૧૧ મે ૨૦૨૪, શનિવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૨, મૃગશીર્ષ નક્ષત્ર, સુકર્મા યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૧૩, સૂ.અ.૭:૨૨

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાય. યશમાં વધારો થાય.
વૃષભ:મનની મુરાદ મનમાં રહે. ગૃહવિવાદ ટાળવો.
મિથુન:ભૌતિક મનોકામના પૂર્ણ થાય. વાણી સંઘર્ષ થાય.
કર્ક: મોશાળપક્ષ તરફથી લાભ મળે. નાણાંકીય સમસ્યાઓ દૂર થાય.
સિંહ: હિતશત્રુઓથી સાવધ રહેવું. કૌટુંબિક સમસ્યાનો સામનો કરવો પડે.
કન્યા: મહત્વના કાર્ય અટકી પડે. મનમાં ઉદ્વેગ રહે.
તુલા: જૂની ઓળખાણથી લાભ મળી જાય. આર્થિક બાબતે શ્રેષ્ઠ દિવસ.
વૃશ્ચિક:આર્થિક લાભ મેળવી શકશો. શુભ સમાચાર મળે.
ધન: અણધાર્યો બનાવ બને. ચિંતા ભર્યો દિવસ વિતે.
મકર: પ્રવાસથી લાભ મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
કુંભ: વડીલોથી લાગણી રહે. વાહન-મિલ્કતથી લાભ થાય.
મીન: આનંદમય દિવસ પસાર થાય. આવક-જાવક સરભર રહે.

## કેદારનાથ ધામના દરવાજા ભક્તો માટે ખોલવામાં આવ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)

ઉત્તરાખંડ, તા.૧૧

ઉત્તરાખંડમાં કેદારનાથ ધામના દરવાજા ખોલવાની સાથે ચાર ધામ યાત્રા શરૂ થઈ ગઈ છે. અક્ષય તૃતીયાના પાવન અવસર પર ચારધામ યાત્રાનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી કેદારનાથ પહોંચી ગયા છે.કેદારનાથ ધામના દરવાજા સવારે ૭.૧૦ વાગ્યે ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. આ પછી યમુનોત્રી ધામના દ્વાર સવારે ૧૦.૨૯ કલાકે અને ગંગોત્રી ધામના દ્વાર સવારે ૧૨.૨૫ કલાકે ખોલવામાં આવશે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી દર્શન અને નિરીક્ષણ માટે સવારે સાત વાગ્યે કેદારનાથ ધામ પહોંચશે.ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે આજે અક્ષય તૃતીયાના શુભ અવસર પર કેદારનાથ ધામ, યમુનોત્રી ધામ અને ગંગોત્રી ધામના દરવાજા સંપૂર્ણ વિધિ સાથે દર્શન માટે ખોલવામાં આવશે. ચારધામ યાત્રા માટે તમામ ભક્તોનું હાર્દિક સ્વાગત અને અભિનંદન. કેદારનાથ ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લામાં ભગવાન શિવનું પવિત્ર સ્થાન છે. દર વર્ષે લાખો લોકો અહીં દર્શન માટે આવે છે. કેદારનાથની ગણતરી ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગ અને પંચ કેદારમાં પણ થાય છે. કેદારનાથ મંદિરમાં સ્થાપિત શિવલિંગ સ્વાવલંબી છે. જેના કારણે મંદિરનું મહત્વ વધી જાય છે.બદ્રીનાથને ચાર ધામોમાંથી એક મુખ્ય ધામ ગણવામાં આવે છે. તે હિમાલયની પર્વતમાળામાં અલકનંદા નદીના કિનારે આવેલું છે. આ મુખ્યત્વે ભગવાન વિષ્ણુનું મંદિર છે. અહીં નર અને નારાયણની પૂજા થાય છે. આ મંદિર ત્રણ ભાગોમાં વહેંચાયેલું છે - ગર્ભગૃહ, દર્શન મંડપ અને સભા મંડપ. બદ્રીનાથ મંદિર પરિસરમાં ૧૫ પ્રતિમાઓ છે, જેમાંથી સૌથી પ્રખ્યાત ભગવાન વિષ્ણુની પ્રતિમા છે.

## નોમિનેશનમાં વિલંબ થતાં ભાજપના ઉમેદવાર રસ્તા વચ્ચે દોડ્યા

ઉત્તર પ્રદેશ, તા.૧૧

ઉત્તર પ્રદેશની દેવરિયા લોકસભા સીટના ભાજપના ઉમેદવાર શશાંક મણિ ત્રિપાઠીએ નામાંકન ભરવા માટે રસ્તાની વચ્ચે દોડવું પડ્યું જ્યારે તેમને ખબર પડી કે ઉમેદવારી નોંધાવવા માટે બહુ ઓછો સમય બાકી છે. તેમની સાથે ભાજપના જિલ્લા પ્રમુખ અને સમર્થક પણ દોડતા જોવા મળ્યા હતા.દેવરિયાથી ભાજપના ઉમેદવાર શશાંક મણિ ત્રિપાઠી ૯ મેના રોજ ઉમેદવારી નોંધાવવાના હતા. આ સમય દરમિયાન, માઈલ ગ્રાઉન્ડની બાજુમાં એક મેરેજ હાજેલમાં બીજેપી કાર્યકર્તાઓની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉત્તર પ્રદેશ સરકારના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય મુખ્ય અતિથિ તરીકે પહોંચ્યા હતા.જાહેર સભા પૂરી થયા બાદ ભાજપના ઉમેદવાર ત્રિપાઠીએ ઉમેદવારી નોંધાવવા વિશાળ સરઘસ કાઢ્યું હતું. જ્યારે તેમનો કાફલો કલેક્ટર કચેરીથી ૧૦૦ મીટર દૂર કછરી ચોક પર પહોંચ્યો, ત્યારે પોલીસે બધાને બેરિકેડ પર રોક્યા, ત્યારબાદ કાર્યકરો અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ. આ પછી ભાજપના ઉમેદવાર ત્રિપાઠી, ભાજપ જિલ્લા પ્રમુખ અને પ્રસ્તાવક પોલીસ બેરીકેટ ઓળંગીને દોડવા લાગ્યા હતા. સમય બપોરે ૨.૪૫ વાગ્યાનો હતો અને નામાંકન બપોરે ૩ વાગ્યા સુધી જ કરવાનું હતું. જેના કારણે ભાજપના ઉમેદવાર ત્રિપાઠી દોડવા લાગ્યા હતા અને સમયસર પહોંચવામાં સફળ રહ્યા હતા.નોમિનેશન ફાઈલ કરવામાં વિલંબ થવાને કારણે રેસ ચલાવવા વિશે પૂછવામાં આવતા ત્રિપાઠીએ કહ્યું કે હું દોડવીર રહ્યો છું. હું IIT દરમિયાન ૨૦૦ અને ૪૦૦ મીટર રેસમાં ગોલ્ડ મેડલિસ્ટ રહી ચૂક્યો છું. મને રેસિંગની મજા આવે છે.

# અમેરિકામાં ગેરકાયદેસર ઘૂસવા જતાં ૧૭૦ ભારતીય પકડાયા : મોટાભાગના ગુજરાતી



વોશિંગ્ટન, તા.૧૧

અમેરિકા, બ્રિટન, કેનેડા જવા માટે ગુજરાતીઓ પડાપડી કરી રહ્યા છે. આ વચ્ચે હવે તેઓ વિદેશમાં જવાના ગેરકાયદેસર રસ્તા અપનાવી રહ્યા છે. અમેરિકામાં ગેરકાયદે ઘૂસવા જતા ભારતીયોનું એક વિમાન જમૈકા એરપોર્ટ રોકી દેવાયું હતું. આ શંકાસ્પદ વિમાનમાં કુલ ૨૫૩ મુસાફર હતા, જેમાં ૧૭૦થી વધુ ભારતીય હતા.

ઉત્તર ગુજરાતના લોકો અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરતા ઝડપાયા છે. જેમાં શંકાસ્પદ પ્લેનને જમૈકા એરપોર્ટ ઉપર રોકવામાં આવ્યું હતું. ધરપકડ કરાયેલા ૧૭૫ ભારતીયોમાં મોટાભાગના ગુજરાતીઓ છે અને મોટાભાગના મુસાફરો ઉત્તર ગુજરાત, મહેસાણાના છે જેમાં મહેસાણાના શંકરપુરા ગામના એજન્ટોની સંડોવણી બહાર આવી છે. એજન્ટ ઘનશ્યામ અને હસમુખ કટ્ટીની પણ સંડોવણી હોવાની માહિતી છે. એજન્ટ રવિ મોસ્કો અને બોબી બ્રાઝિલ સંડોવાયેલા હોવાનું જાણવા મળે છે. તેમજ તમામ પ્રવાસીઓને અટકાયતમાં લઈને પૂછપરછ માટે હોટલમાં લઈ જવામાં આવ્યા. ટૂરિસ્ટ વિઝાના નામે ગુજરાત સહિત દેશભરમાંથી લોકોને અમેરિકા લઈ જવાના વધુ એક ષડ્યંત્રનો પર્દાફાશ થયો છે. થોડા મહિનાઓ પહેલાં પણ અમેરિકા પહોંચવા માંગતા પ્રવાસીઓથી ભરેલું એક આખું વિમાન જપ્ત કરવામાં આવ્યું હતું, ડિફ્લેટ કરીને ભારત પરત મોકલવામાં આવ્યું હતું. આ પ્લેનમાં ૨૫૩ લોકો સવાર હતા જેમાંથી ૧૫૦થી વધુ ભારતીયો હતા અને તેમાં પણ ગુજરાતીઓ અને પંજાબીઓ વધુ હતા. આ ઉપરાંત ઉઝબેકિસ્તાનના પણ નાગરિકો હતા. આ ઘટના જો કે લગભગ ૬ દિવસ પહેલાની છે. મળતી માહિતી મુજબ જમૈકાના કેપિટલ સિટી કિંગ્સ્ટનમાં આવેલા નોર્મન મેન્લી એરપોર્ટ ઉપર ૨ મેના રોજ એક ફ્લાઈટ લેન્ડ થઈ હતી. એરપોર્ટ ઉપરના અધિકારીઓને પૂછપરછ દરમ્યાન તેમના ઉપર શંકા ગઈ હતી. ફરી એકવાર જમૈકા એરપોર્ટ પરથી આવું જ એક વિમાન પકડાયું છે. જેમાં ૨૫૩ મુસાફરોમાં મોટાભાગના ગુજરાતીઓ છે અને તેઓ અમેરિકામાં પ્રવેશવા ગયા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ગુજરાતીઓ સહિત દેશના અનેક નાગરિકો અમેરિકામાં ડોલર કમાવા ઉત્સુક છે અને આ ચસ્કામાં પરિવારો પોતાના ઘર છોડીને મોતને હાથમાં લઈને અમેરિકા પહોંચે છે. ખાસ કરીને ગુજરાતીઓ અને પંજાબીઓ ડોલર કમાવવા માટે મોટી સંખ્યામાં અમેરિકા જાય છે પછી ત્યાં પહોંચવા અને અમેરિકન સરહદ સુધી પહોંચવા માટે ઘણા રસ્તાઓ છે. અમેરિકામાં ઘૂસણખોરી કરવાના હેતુથી આખું પ્લેન ભાડે કરવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, જમૈકા એ એક નાનું કેરેબિયન કન્ટ્રી છે. ઘણા કબૂતરબાજો અમેરિકામાં ઘૂસવા માટે અમેરિકાની નીચે આવેલા નાના દેશોના વિઝિટર વિઝા લે છે, જે સરળતા મળતા હોય છે. જમૈકા પણ આવો જ એક દેશ છે. અહીં પહોંચી ગયા બાદ તેઓ કોઈપણ રીતે દરિયા કે જમીનના રસ્તે મેક્સિકો સુધી પહોંચે છે અને ત્યાંથી અમેરિકામાં ઘૂસે છે.

# ગુજકેટમાં ૧૫૦૦ વિદ્યાર્થીઓને ૯૯ કરતા વધુ પર્સન્ટાઈલ આવ્યા

## ૫૩ હજાર વિદ્યાર્થીઓને ૪૦ પર્સન્ટાઈલ લાવવાના પણ ફાંફા પડ્યા

અમદાવાદ, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામની સાથે ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે લેવામાં આવેલી ગુજકેટનુ પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું છે. ગુજકેટ માટે રાજ્ય તથા દેશના કુલ ૧.૩૮ લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી ૧.૩૪ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજકેટના પરિણામમાં ૫૩ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓને ૪૦ ટકા પર્સન્ટાઈલ લાવવામાં પણ ફાંફા પડી ગયા હતા. જ્યારે A ગ્રુપના ૫૧૦ અને B ગ્રુપના ૯૯૦ મળી કુલ ૧૫૦૦ વિદ્યાર્થીઓના ૯૯ કરતા વધુ પર્સન્ટાઈલ આવ્યા છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૩૧ માર્ચના રોજ ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજકેટ લેવામાં આવી હતી. સમગ્ર રાજ્યમાં ૧૩૮૦૮૦ વિદ્યાર્થીઓએ ગુજકેટ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. રાજ્યમાંથી ૭૩૪૯૬ વિદ્યાર્થીઓ અને ૬૧૦૧૦ વિદ્યાર્થિનીઓએ ગુજકેટ પરીક્ષા આપી હતી. A ગ્રૂપમાં કુલ ૫૧૧૭૬ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જે પૈકી ૪૮૫૦૮ વિદ્યાર્થીઓએ ગુજકેટ આપી હતી. આ જ રીતે B ગ્રૂપમાં ૮૬૫૦૯ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જે પૈકી ૮૪૭૦૯ વિદ્યાર્થીઓ ગુજકેટમાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે AB ગ્રૂપમાં ૩૯૫ પૈકી ૨૮૯ વિદ્યાર્થીઓએ ગુજકેટ આપી હતી. આમ, કુલ ૧૩૮૦૮૦ વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવ્યા પછી ૧૩૪૫૦૬ વિદ્યાર્થીઓએ ગુજકેટ આપી હતી. દરમ્યાન શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા ગુજકેટના પરિણામમાં કુલ ૧૫૦૦ વિદ્યાર્થીઓ ૯૯ પર્સન્ટાઈલથી વધારે લાવવામાં સફળ રહ્યા છે. જેમાં A ગ્રૂપના ૫૧૦ અને B ગ્રૂપના ૯૯૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ જ રીતે ૯૦ પર્સન્ટાઈલથી વધારે લાવનારા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૩૫૭૮ છે. ગુજકેટમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૫૩૮૧૨ વિદ્યાર્થીઓને ૪૦ પર્સન્ટાઈલ લાવવાના પણ ફાંફા પડી ગયા હતા. જેમાં A ગ્રુપના ૧૯૮૩૨ વિદ્યાર્થીઓ ૪૦ પર્સન્ટાઈલ લાવી શક્યા ન હતા અને B ગ્રુપના ૩૩૯૮૦ વિદ્યાર્થીઓ ૪૦ પર્સન્ટાઈલ લાવી શક્યા ન હતા.

# રાજ્યના વિવિધ ન્યાયાધીશોની જિલ્લા બહાર અને આંતરિક બદલી

અમદાવાદ, તા.૧૧

રાજ્યના વિવિધ ન્યાયાધીશોની જિલ્લા બહાર અને આંતરિક બદલીઓ કરવાનો હુકમ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ દ્વારા કરવામાં આવ્યો છે. હાઈકોર્ટના આદેશ અનુસાર રાજયના ૭૮ ડિસ્ટ્રીક્ટ જજ એન્ડ સેશન્સ જજીસ, ૮૮ સિનિયર સિવિલ જજીસ અને ૫૬ સિવિલ જજીસ મળી કુલ ૨૨૨ ન્યાયાધીશોની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. આ સિવાય હાઈકોર્ટ દ્વારા રાજયની નીચલી કોર્ટોમાં જયુડીશીયલ ઓફિસરોની આંતરિક બદલીઓ પણ કરવામાં આવી છે. આ બદલીઓમાં સીરીયલ બ્લાસ્ટ કેસના ન્યાયાધીશ એચ.એચ.ઠક્કરની દાહોદ ખાતે બદલી કરવામાં આવી છે. તો, અમદાવાદ સીબીઆઈ કોર્ટના ચાર જજોને સેશન્સ કોર્ટમા, જયારે મેટ્રોપોલીટન કોર્ટના ૧૧ જજોની એક સાથે બદલીઓ કરી ૧૪ જજોને ત્યાં મૂકાયા છે. તો ભદ્ર સેશન્સ કોર્ટમાં એક સાથે આઠ સેશન્સ જજની બદલીના હુકમો કરાયા છે. વધુમાં હાઈકોર્ટ દ્વારા રાજયની વિવિધ અદાલતોમાં ૫૬ જેટલા સિવિલ જજીસની આંતર જિલ્લા કોર્ટમાં બદલી કરાઈ છે. તો, એક જ કોર્ટમાં હોય તેવી ૪૭ જેટલી આંતરિક બદલીઓ થઈ છે. જેમાં અમદાવાદમાં ચાર, મહેસાણામાં આઠ, રાજકોટમાં પાંચ, સુરતમાં નવ, જૂનાગઢમાં નવ અને અમરેલીમાં બે નો સમાવેશ થાય છે. ૮૮ સિનિયર સિવિલ જજ એવા છે કે, જેઓને એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં મૂકાયા છે. આ સિવાય એક જ કોર્ટમાં હોય તેવી ૯૬ આંતરિક બદલીઓ છે. આ સિવાય રાજયના વિવિધ જિલ્લાઓમાં ૭૮ ડિસ્ટ્રીક્ટ જયુડીશીયલ ઓફિસરોને એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં મૂકાયા છે અથવા તો જિલ્લા બદલીઓ કરાઈ છે.

# ફિઝીક્સમાં ૧૮ હજાર કરતા વધુ અને કેમેસ્ટ્રીમાં ૧૪ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા

## વિજ્ઞાન પ્રવાહમાં ફિઝીક્સમાં અને સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્રમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ, સા.પ્ર.માં આંકડાશાસ્ત્રમાં ૧૦ હજાર કરતા વધુ અને કમ્પ્યુટરમાં ૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ

અમદાવાદ, તા.૧૧

ધોરણ-૧૨ સાયન્સમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ફિઝીકસમાં જ્યારે સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્રમાં નાપાસ થયા છે. ફિઝીક્સમાં ૧૮ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્ર વિષયમાં ૧૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આ ઉપરાંત સાયન્સમાં કેમેસ્ટ્રીમાં પણ ૧૪ હજાર કરતા વધુ અને મેથ્સમાં ૨ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. સામાન્ય પ્રવાહમાં સરળ ગણાતા કમ્પ્યુટર વિષયમાં પણ ૬ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ધોરણ-૧૨ સાયન્સમાં દરવખતની જેમ આ વખતે પણ ફિઝીક્સ અને કેમેસ્ટ્રીમાં સૌથી વધુ વિદ્યાર્થીઓનો ભોગ લીધો હતો. ફિઝીક્સમાં ૧૧૧૦૫૬ વિદ્યાર્થીઓમાંથી ૯૨૩૬૬ વિદ્યાર્થી પાસ થયા હતા. આમ, ફિઝીક્સનું ૮૩.૧૭ ટકા પરિણામ આવ્યું હતું. ફિઝીક્સમાં ૧૮૬૯૦ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. આ જ રીતે કેમેસ્ટ્રીમાં પણ ૧૧૧૦૪૦ વિદ્યાર્થીઓ પૈકી ૯૬૧૬૬ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આમ, કેમેસ્ટ્રીનું ૮૬.૬૦ ટકા પરિણામ આવ્યું હતુ અને ૧૪૮૭૪ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. સાયન્સના મહત્વના અન્ય બે વિષયોમાં જોઈએ તો બાયોલોજીમાં ૭૨૩૧૭ વિદ્યાર્થીઓ પૈકી ૬૬૯૮૧ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આમ, બાયોલોજીનું ૯૨.૬૨ ટકા પરિણામ આવ્યું હતું. જેમાં ૫૩૩૬ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જ્યારે મેથ્સમાં ૩૮૭૩૮ વિદ્યાર્થીઓ પૈકી ૩૬૬૧૯ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આમ, મેથ્સનું ૯૪.૫૩ ટકા પરિણામ આવ્યું હતું. જેમાં ૨૧૧૯ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. મહત્વના વિષયો સિવાય અન્ય વિષયોમાં પણ નોંધપાત્ર સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જેમાં કમ્પ્યુટર વિષયમાં ૨૧૧૨ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જ્યારે અંગ્રેજી દ્વીતીય ભાષામાં ૪૩૪૪ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં મુખ્ય વિષય ગણાતા એવા આંકડાશાસ્ત્ર અને કમ્પ્યુટર વિષયમાં ખુબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થયા હોવાનું જાણવા મળે છે. સામાન્ય પ્રવાહના પરિણામમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ આંકડાશાસ્ત્રમાં નાપાસ થયા છે. આંકડાશાસ્ત્રમાં ૧૦૨૨૭ જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જ્યારે બીજા ક્રમે આશ્ચર્યજનક રીતે કમ્પ્યુટરમાં ૬૪૭૯ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ, આંકડાશાસ્ત્ર પછી આ વખતે કમ્પ્યુટર વિષયમાં નાપાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાનું સામે આવ્યું છે. જ્યારે એકાઉન્ટમાં ૪૮૭૫ જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આ ઉપરાંત અન્ય વિષય ઉપર નજર કરીએ તો, અંગ્રેજી દ્વીતીય ભાષામાં ૫૮૬૨, અર્થશાસ્ત્રમાં ૫૦૩૨, ઓર્ગેનાઈઝેશન ઓફ કોમર્સમાં ૨૮૨૪, ફિલોસોફીમાં ૨૪૬૯, ગુજરાતી પ્રથમ ભાષામાં ૨૯૬૨, સંસ્કૃતમાં ૧૩૫૨, સાયકોલોજીમાં ૧૪૧૦, સોસિયોલોજીમાં ૧૨૬૧, જ્યોગ્રાફીમાં ૨૩૩૧ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ, વિજ્ઞાન પ્રવાહમાં અને સામાન્ય પ્રવાહમાં સૌથી અઘરા ગણાતા વિષયમાં જ વિદ્યાર્થીઓ સૌથી વધુ સંખ્યામાં નાપાસ થયા છે.

# પુરક પરીક્ષા જૂનના અંતમાં લેવામાં આવશે

અમદાવાદ, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ વખતે જૂલાઈના બદલે જૂનના અંતમાં જ પુરક પરીક્ષા લેવામાં આવશે. પુરક પરીક્ષામાં કરવામાં આવેલા ધરખમ ફેરફાર બાદ આ વખતે પ્રથમ વખત પુરક પરીક્ષા લેવામાં આવનાર છે. જેના માટે ૧૩ મેથી રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર પુરક પરીક્ષા જૂન માસના અંતમાં લેવાનું આયોજન કરવામાં આવ્યું છે અને તા.૧૩ મેથી પુરક પરીક્ષા માટેના રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવાનું આયોજન કરાયું છે. વહેલા પરીક્ષા યોજવાથી વિદ્યાર્થીઓનું વર્ષ બચવામાં મદદ મળશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં અત્યાર સુધી માત્ર એક જ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવામાં આવતી હતી. પરંતુ આ વખતથી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં એકના બદલે ૨ વિષયમાં પણ નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકે તેવો નિર્ણય લેવાયો છે. જેના પગલે આ વખતે ૨૫,૬૮૦ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકશે. જાહેર કરવામાં આવેલા પરિણામમાં ૧ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૮,૮૯૭ જેટલી છે. જ્યારે ૨ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૭૮૩ જેટલી છે. આ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકશે.

# કેનેડા પછી હવે ઓસ્ટ્રેલિયાએ પણ સ્ટુડન્ટ વિઝા માટે જરૂરી ભંડોળમાં વધારો કર્યો




(એજન્સી) તા.૧૧

કેનેડાએ તાજેતરમાં સ્ટુડન્ટ વિઝા માટે જરૂરી ફંડ વધાર્યા બાદ ઓસ્ટ્રેલિયાએ પણ આવો જ નિર્ણય લીધો છે. ૧૦ મે, ૨૦૨૪ના રોજથી અમલીકરણ થયો છે. ઓસ્ટ્રેલિયન વિઝા માટે અરજી કરતા વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય લઘુત્તમ વેતનના ૭૫ ટકા જેટલું ભંડોળ દર્શાવવું જરૂરી છે. ઓસ્ટ્રેલિયાએ સ્ટુડન્ટ વિઝા માટે ફંડની જરૂરિયાતમાં ૨૧ ટકાનો વધારો કર્યો છે. હાલમાં, પ્રાથમિક અરજદાર માટે ઓસ્ટ્રેલિયન વિદ્યાર્થી વિઝા માટે જરૂરી ફંડ ઓસ્ટ્રેલિયન ડોલરના ૨૪,૫૦૫ રૂપિયા છે, જે હવે ૧૦ મે, ૨૦૨૪ પછી વધારીને ઓસ્ટ્રેલિયન ડોલરના ૨૯,૭૧૦ રૂપિયા કરવામાં આવશે. જે ૨૧ ટકાથી વધુનો વધારો દર્શાવે છે. વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયામાં જીવનનિર્વાહનો મૂળભૂત ખર્ચ ઉઠાવી શકે તેની ખાતરી કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અગાઉ ઓસ્ટ્રેલિયાએ ગયા વર્ષે ઓક્ટોબરમાં વિદ્યાર્થી વિઝા માટે જરૂરી ભંડોળમા ઓસ્ટ્રેલિયન ડોલરના ૨૧,૦૪૧ રૂપિયાથી વધારીને ઓસ્ટ્રેલિયન ડોલરના ૨૪,૫૦૫ રૂપિયા કર્યું હતું. કેનેડાએ વિદ્યાર્થી વિઝા માટે જરૂરી ભંડોળ બમણું કર્યું છે. કેનેડાએ ૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજથી અમલીકરણમાં વિદ્યાર્થી વિઝા માટે ભંડોળની જરૂરિયાત અગાઉ કેનેડિયન ડોલરના ૧૦,૦૦૦ રૂપિયાથી વધીને કેનેડિયન ડોલરના ૨૦,૬૩૫ રૂપિયા થઈ ગઈ. ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડા (IRCC)એ સુનિશ્ચિત કરવાનું નક્કી કર્યું કે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સારી રીતે તૈયાર થઈને કેનેડા આવે. કેનેડામાં વિદ્યાર્થી વિઝા માટે ભંડોળની જરૂરિયાત આશ્રિતોની સંખ્યાના આધારે વધુ વધે છે.

**કુટુંબના સભ્યો ઉપર આધારિત ફંડની જરૂરિયાતો આ મુજબ છે.**

કુટુંબના સભ્યોની CADમાં દર વર્ષે સંખ્યા જરૂરી ભંડોળની રકમ જો અરજદાર સહીત ૧ વ્યકિત હોય તો ૨૦,૬૩૫, ૨ વ્યકિત હોય તો ૨૫,૬૯૦, ૩ વ્યકિત હોય તો ૩૧,૫૮૩, ૪ વ્યકિત હોય તો ૩૮,૩૪૬, ૫ ૪૩,૪૯૨, ૬ વ્યકિત હોય તો ૪૯,૦૫૧, ૭ વ્યકિત હોય તો ૫૪,૬૧૧ ટ્યુશન રકમ સહિત અપાશે.

૭થી વધુ લોકોના કિસ્સામાં, કુટુંબના દરેક વધારાના સભ્ય ૫,૫૫૯ કેનેડા કામના કલાકોની મર્યાદામાં સુધારો થયો તાજેતરમાં કેનેડાએ ભારતના વિદ્યાર્થીઓ સહિત સ્ટુડન્ટ વિઝા ધારકો માટે વર્ક અવર કેપની જાહેરાત કરી હતી.

ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ મિનિસ્ટર માર્ક મિલરે એક પ્રેસમાં જણાવ્યું હતુ કે, 'વિદ્યાર્થીઓને કેમ્પસની બહાર દર અઠવાડિયે ૨૦ કલાકથી વધુ કામ કરવાની મંજૂરી આપતી અસ્થાયી નીતિ ૩૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સમાપ્ત થશે અને તેને લંબાવવામાં આવશે નહીં.' જો કે, વિદ્યાર્થીઓ સપ્ટેમ્બર મહિનાથી અઠવાડિયામાં ૨૪ કલાક સુધી કેમ્પસની બહાર કામ કરી શકશે.

# બ્રાઝિલમાં વાવાઝોડાએ ૧૦૦ લોકોના જીવ લીધા, લાખો ઘરોને નુકસાન પહોંચાડ્યુ

(એજન્સી) તા.૧૧

નિક અધિકારીઓએ જણાવ્યા અનુસાર દક્ષિણ બ્રાઝિલના રિયો ગ્રાન્ડે દો સુલ રાજ્યમાં એક સપ્તાહથી વધુ સમયથી ચાલી રહેલા વરસાદ અને પૂરના કારણે ઓછામાં ઓછા ૧૦૦ લોકોનાં મોત થયા છે અને લગભગ એક લાખ ઘરો નાશ પામ્યા છે અથવા ઘરોને નોંધપાત્ર રીતે નુકસાન થયું છે. એજન્સીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વહેતી નદીઓમાં પૂરને કારણે લગભગ ૧.૪૫ મિલિયન લોકોને અસર થઈ છે અને લગભગ ૨,૦૦,૦૦૦ રહેવાસીઓને તેમના ઘર છોડીને વિસ્થાપિત થવાની ફરજ પડી છે. ૨૯ એપ્રિલના રોજ રાજ્યની સૌથી ખરાબ હવામાન-સંબંધિત આપત્તિથી લગભગ તમામ પ્રકારના ૯૯,૮૦૦ નિવાસોને સંપૂર્ણ અથવા આંશિક નુકસાન થયું છે. રાજ્યના ૪૯૭ નગરોમાંથી ૪૧૪ જેટલા નગરો, આર્જેન્ટિના અને ઉરૂગ્વેની સરહદે આવેલા ટોચના કૃષિ અને પશુધન ઉત્પાદકો આ તોફાનોનો ભોગ બન્યા છે અને ત્યાં કટોકટી જાહેર કરવામાં આવી છે.

# ભારતમાં ચૂંટણીની મોસમ છે ત્યારે ગરમીનું મોજું કેવી અસર કરશે ?

નવી દિલ્હી, તા.૧૧

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારતમાં ગરમી કેવી અસર કરશે ? ભારતમાં હાલ સંસદીય ચૂંટણીની મોસમ ચાલી રહી છે અને એપ્રિલ-મેમાં પુષ્કળ ગરમી પડતી હોય છે.

૨૦૨૪ની ભારતીય સામાન્ય ચૂંટણી એ અઢી મહિનાની પ્રક્રિયા છે, જેમાં ૧ જૂન સુધીમાં સાત તબક્કાનું મતદાન થવાનું છે જેમાં લગભગ ૯૭ કરોડ લોકો તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરે તેવી અપેક્ષા છે. મે મહિનાની શરૂઆતમાં ચૂંટણી મહત્ત્વના તબક્કામાં પ્રવેશી રહી છે ત્યારે તાપમાન પણ ચરમસીમાએ પહોંચવા લાગ્યું છે. વૈશ્વિક સ્તરે પણ દર મહિને ગરમીનો નવો રેકોર્ડ બની રહ્યો છે. મુખ્યત્વે સુપર અલ નીનોને કારણે છેલ્લા ૧૦ મહિના, જૂન ૨૦૨૩થી રેકોર્ડ ઉપર સૌથી ગરમ રહ્યા છે. એપ્રિલ ૨૦૨૪માં પણ તાપમાન જે રીતે છે તે જોતાં એવું લાગે છે કે, સળંગ ૧૧મો સૌથી ગરમ મહિનો હશે. આ તીવ્ર તાપમાન અને ભેજ, લોકોને ખુલ્લામાં કામ કરવાનું વધુને વધુ મુશ્કેલ બનાવશે અને ભારતની ચાલી રહેલી ચૂંટણી પ્રક્રિયામાં હવામાન અને આબોહવાની જટિલતાઓ મતદાન અને પ્રચાર પ્રક્રિયાને પણ અસર કરશે.

**ભારતમાં તીવ્ર હીટવેવનું કારણ શું હતું ? :-**

ભારતીય હવામાન વિભાગે પહેલાથી જ એપ્રિલ-જૂન દરમ્યાન સરેરાશ હીટવેવ કરતાં બમણું, એટલે કે ૧૦થી ૨૦ દિવસ ગરમીના મોજાં સામાન્ય ચારથી આઠ દિવસની સરખામણીમાં વધુ રહેવાની આગાહી કરી હતી. આ વર્ષે ગરમી ગયા વર્ષ કરતાં વધુ રહેવાની ધારણા છે. પારો ૪૨થી ૪૫ ડિગ્રી વચ્ચે સ્થિર થઈ રહ્યો છે, દેશના કેટલાક ભાગોમાં ૪૭ ડિગ્રી સુધી પણ રહ્યો છે. એપ્રિલમાં હીટવેવનો સૌથી લાંબો સમય ૧૫ દિવસ સુધી લંબાયેલો જોવા મળ્યો છે. પૂર્વ અને દ્વીપકલ્પના ભારતના ભાગો સૌથી વધુ પ્રભાવિત થયા છે અને તેઓ પણ ભેજ સામે લડી રહ્યા છે.

કેરળ રેકોર્ડ હીટવેવ ટોચ ઉપર છે અને મતદાનની કતારોમાં રાહ જોતી વખતે ગરમીના તણાવને કારણે ૧૦ મૃત્યુ નોંધાયા છે. કેરળ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (KSDMA) અનુસાર ૨૨ એપ્રિલ સુધીમાં લગભગ ૪૧૩ ગરમી સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓ, જેવી કે સનબર્ન, ફોલ્લીઓ અને હીટ સ્ટ્રોકના કેસો નોંધવામાં આવ્યા છે. ઓડિશામાં પણ એક મૃત્યુ થયું છે અને ૧૬ જિલ્લાઓમાં ગરમી સંબંધિત બીમારીઓને કારણે લગભગ ૧૨૪ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સમગ્ર ભારતમાં મોટાભાગનું તાપમાન લાલ સમૂહ તરીકે દર્શાવે છે, જે સામાન્ય કરતાં વધુ તાપમાન છે. એપ્રિલ દરમ્યાન પ્રિ-મોન્સૂન વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની ગેરહાજરીને કારણે તાપમાનમાં અભૂતપૂર્વ વધારો થઈ રહ્યો છે. દેશભરમાં સંચિત વરસાદની ખાધ ૨૦ ટકા જેટલી હતી. એપ્રિલ દરમ્યાન દક્ષિણ દ્વીપકલ્પના ભારતમાં વરસાદ (૧૨.૬ મીમી) ૧૯૦૧ પછીનો પાંચમો સૌથી ઓછો અને ૨૦૧ પછીનો બીજો સૌથી ઓછો વરસાદ હતો. આ પછી પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં ૩૯ ટકાની ખાધ હતી. ત્રીજા તબક્કા માટે ઝુંબેશ સમાપ્ત થતાં ૭ મેના રોજ ૯૪ બેઠકો ઉપર મતદાન થવાનું છે. ક્લાઈમેટ ચેન્જ ઉપર કામ કરતી યુએસ સ્થિત સંસ્થા ક્લાઈમેટ સેન્ટ્રલના જણાવ્યા અનુસાર ક્લાઈમેટ ચેન્જને કારણે દિવસનું તાપમાન ઓછામાં ઓછું બમણું હતું. દેશના દક્ષિણ ભાગમાં તાપમાનની સ્થિતિ ઉપર આબોહવા પરિવર્તનનો પ્રભાવ વધુ મજબૂત હતો. દરિયાકાંઠાના વિસ્તારોમાં ૩૭ ડિગ્રી સેલ્સિયસ સામાન્ય રીતે ખતરનાક ગરમી માટે થ્રેશોલ્ડ તરીકે ઉપયોગમાં લેવાય છે. આ તાપમાન પૂર્વીય દરિયાકાંઠા સહિત દેશના મોટાભાગના વિસ્તારોમાં જોવા મળ્યું હતું. ચૂંટણીની મોસમની શરૂઆતથી એપ્રિલ ૧૯ એપ્રિલ ૩૦ દરમ્યાન ૫૧ મોટા શહેરોમાંથી ૩૬ શહેરોનું તાપમાન, ત્રણ કે તેથી વધુ દિવસો માટે, ૩૭ ડિગ્રીથી વધુ હતું અને ૧૮ શહેરોમાં ત્રણ દિવસ, તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ હતું.

IMDના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે, 'ઓમાન અને આજુબાજુના વિસ્તારો અને આંધ્રપ્રદેશ ઉપર એન્ટિસાયક્લોન્સની સતત સ્થિતિએ કોઈપણ હવામાન પ્રણાલીની રચના થવા દીધી ન હતી. આના પગલે મોટાભાગના દિવસો માટે ઓડિશા અને પશ્ચિમ બંગાળ ઉપરના દરિયાઈ પવનો કપાઈ ગયા હતા, જેના લીધે સતત ગરમ પવનો ફૂંકાયા હતા. જો કે, પશ્ચિમી વિક્ષેપ નિયમિત અંતરાલથી પસાર થવાને કારણે ઉત્તરપશ્ચિમ મેદાનોમાં હીટવેવ્સ સેટ થયા ન હતા. આ ઉપરાંત, EI નીનો ઘટતા જતા અવશેષોએ પણ ગરમીના તણાવમાં ફાળો આપ્યો છે.'

પૂર્વ ચૂંટણી કમિશ્નર અશોક લવાસા સમજાવે છે કે, ભારત તેની ચૂંટણી પ્રક્રિયાને ઉનાળાના વધતા ગરમીના મોજાઓ સાથે કેવી રીતે સમાયોજિત કરી શકે છે. તેમણે કહ્યું, 'મોટા વિક્ષેપને ટાળવા માટે હવામાન પરિસ્થિતિઓને હંમેશા ધ્યાનમાં લેવામાં આવે છે. શમનના પગલાં તરીકે લોકોને ઠંડી જગ્યાએ કતારમાં ઊભા રાખવાની વ્યવસ્થા, પીવાના પાણીની ઉપલબ્ધતા વગેરે કરવી જોઈએ. એવી જોગવાઈ છે કે, ભારતનું ચૂંટણી પંચ ૧૮૦ દિવસમાં ગમે ત્યારે ચૂંટણી કરાવી શકે છે પરંતુ તેમણે ખૂબ કાળજી રાખવી પડે કે સરકારનો કાર્યકાળ એક દિવસ પણ ઓછો ન થાય.' બીજી સમસ્યા એ છે કે, ફેબ્રુઆરી-માર્ચનો સમયગાળો શાળાઓ અને કોલેજોમાં પરીક્ષાનો સમય હોય છે તેથી કોઈ પણ વ્યક્તિ શૈક્ષણિક ચક્રને પણ વિક્ષેપિત કરી શકતું નથી. તેમણે કહ્યું, 'આત્યંતિકતાને ઘટાડવા માટે મહત્તમ સાવચેતીઓ લેવામાં આવે છે. જો કે, જો તાપમાન વધવાનું ચાલુ રહે તો કોઈ આને ધ્યાનમાં લઈ શકે છે.

CMYK CMYK CMYK

# જૂનાગઢ લોકસભાની ચુંટણી પુરી થતા બંને પક્ષના જીતના દાવાઓ : શરતોનું બજાર ગરમ




(વિનુ પુરોહીત દ્વારા) વિસાવદરતા. ૧૧

જૂનાગઢ લોકસભાની બેઠક પર ચુંટણી પુરી થતા બન્ને રાજકીય પક્ષ ભાજપ તથા કોંગ્રેસ જીતના દાવાઓ સાથે ગણિત માંડી રહયા છે. જૂનાગઢ લોકસભાની ગતવર્ષની મતદાનની ટકાવારી જોવામાં આવે તો કોંગ્રેસ કરતા ભાજપને ૧૪ ટકા મત વધુ મળ્યા હતા અને બન્ને ઉમેદવારો કોળી જ્ઞાતીના હતા. જ્યારે આ વખતે કોંગ્રેસના ઉમેદવાર આહીર જ્ઞાતિના હોય જ્યારે ભાજપના ઉમેદવાર કોળી જ્ઞાતિના હોય ત્યારે કોળી જ્ઞાતિના મતો એક તરફી રીતે ભાજપને ફાયદો પણ કરાવી શકે તેવી એક ચર્ચા ચાલી રહી છે. જ્યારે તેમાં પણ કોંગ્રેસ પક્ષને માનનારા વ્યક્તિનું મતદાન સ્વાભાવિક પણે કોંગ્રેસ તરફી થયેલ હોય તેવું રાજકીય પંડિતો માની રહિયા છે. જ્યારે વિસાવદર તાલુકામાં સૌથી ઓછું મતદાન થયેલ હોય અને વિસાવદર તાલુકામાં ગત વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિજેતા થયેલ હતા અને આ વખતે કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીના ગઠબંધનથી કોંગ્રેસ પક્ષની લીડ વિસાવદર વિધાનસભામાંથી નીકળે તેવી લોકચર્ચા ચાલી રહી છે અને ભાજપની લીડ જૂનાગઢ વિધાનસભા મત ક્ષેત્રમાંથી નીકળે તો આ બન્ને સીટનો છેદ ઉડી જાય તેમ છે. જ્યારે ઉના વિધાનસભામાં ભાજપની લીડ નીકળે અને કોડીનાર વિધાનસભામાં પણ ભાજપની લીડ નીકળે તેવો દાવો ભાજપ કરી રહી છે. જ્યારે માંગરોળ અને વેરાવળ સીટમાં કોંગ્રેસની લીડ નીકળે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે તાલાળા વિધાનસભા મતક્ષેત્રના મતો નિર્ણાયક સાબિત થઈ શકે તેમ હોવાના પણ ગણિત મંડાઈ રહિયા છે. જેમાં જ્ઞાતિ સમીકરણો જોતા જો મતદાન થયેલ હોય તો કોંગ્રેસને ફાયદો થઈ શકે તેમ છે. જ્યારે માત્ર મોદી મેજીક ચાલેલ હોય તો ભાજપને ચોક્કસ ફાયદો થઈ શકે. મતદાનની ટકાવારી ઘટતા તેમજ ઉમેદવારની નારાજગી તથા લોકરોષના કારણે પણ મતદારોએ શું કર્યું હોય તે કહેવું મુશ્કેલ છે. ત્યારે ભૂતકાળમાં કોણે શુ કર્યું હતું તે પણ મુદ્દો ચર્ચામાં હોય અને પક્ષના જ લોકો સાથે રહીને દગો કરે તો પણ પરિણામમાં કંઈક જુદુ થવાની શકયતા નકારી શકાતી નથી. ઉપરાંત જૂનાગઢની આ સીટમાં હાર-જીત પણ ઓછા મતોથી થાય તેવું પણ લોકમુખે ચર્ચાઈ રહીયું છે અને ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો પોતાના કાર્યકરોનો ઉત્સાહ



જાળવી રાખવા જીતના દાવાઓ કરી રહયા છે. હવે જોવાનું એ રહયું કે ભાજપના રાજેશભાઈ રાજ ચાલુ રાખશે કે હીરાભાઈનો હાથ ઉપર રહેશે તે તો પરિણામ જ કહેશે.

# સોમનાથ ભાવનગર નેશનલ હાઈવેની ગોકળગાયની ગતિએ ચાલતી કામગીરીથી લોકો ત્રાહિમામ

## નેશનલ હાઈવે પરના ડાઈવર્ઝનો અતિ બિસ્માર હાલતમાં હોવાથી થતાં અકસ્માતો માટે જવાબદાર કોણ ?

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૧

છેલ્લા નવ વર્ષ જેવા સમયથી સોમનાથ - ભાવનગર નેશનલ હાઈવેના ચાલતા કામમાં હાલ ડાઈવર્ઝન લોકો માટે મોત સમાન બની રહ્યા છેફ ગોકળગાયની ગતિએ ચલતા હાઈવેના કામમાં મરમ્મત શૂન્ય. આ હાઈવે પર ના ડાયવર્ઝનને કોઈ જાતના સાઈન બોર્ડ આપવામાં નહીં આવતા તેમજ ડાયવર્ઝન રોડને ડામરથી નહીં મઢતા અકસ્માતના બનાવો વધી રહ્યા છે. ત્યારે અહીંથી પસાર થતા લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે.

સોમનાથથી ભાવનગર જતાં નેશનલ હાઈવે ૮ઈ ના, જ્યાં હાલ ફોરટ્રેકનું કામ તો ચાલે છે પણ અહીં કોન્ટ્રાક્ટર દ્વારા હાઈવે પર ઠેક ઠેકાણે ડાઈવર્ઝનોની હારમાળા સર્જી છે. સાથોસાથ આ ડાઈવર્ઝનોના રસ્તામાં ખાડા રાજ જોવા મળી રહ્યું છે. જો કે આ કોઈ નવાઈની વાત નથી કે પહેલી વાર આ નેશનલ હાઈવે પર ખાડાઓએ કબ્જો જમાવ્યો હોય. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ગોકળગાય ગતિએ ચાલતા નેશનલ હાઈવેના કામના કારણે આ હાલત થઈ છે. આ હાઈવે પરના ડાયવર્ઝનને કોઈ જાતના સાઈન બોર્ડ આપવામાં આવ્યા નથી જેથી અહીં સતત અકસ્માતના બનાવો વધી રહ્યા છે. લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે ‘અંધેર નગરી ને ગંડુ રાજા’ જેવો તાલ આ હાઈવે ના અધિકારીઓમાં જોવા મળે છે. હાઈવેના કોન્ટ્રાક્ટર દ્વારા મનસ્વી રીતે કોઈપણ નિયમનો પાલન કર્યા વગર બેફામ નબળી ગુણવત્તાવાળું કામ કરતા હોવાના પણ આક્ષેપો સ્થાનિકો દ્વારા થઈ રહ્યા છે. સાથોસાથ આ ફોરટ્રેકના કામમાં જે જે નિયમો પાલન કરવાના હોય તેના અનેક જગ્યાએ ધજાગરા ઉડતા જોવા મળ્યા છે. છેલ્લા ઘણાં સમય પહેલા રોડનું કામ ચાલુ થયું અને જોકે ત્યાર પછી ગુજરાતમાં ત્રણ મુખ્યમંત્રીઓ બદલ્યા પણ નેશનલ હાઈવે ના બદલાયો તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.

સોમનાથથી ઉના તરફ જતો હાઈવે અનેક જગ્યા પર એટલી હદે બદતર થયેલ છે કે વાહન ચાલકો તો થાક્યા છે. ગતિશીલ ગુજરાતનું ગીર સોમનાથ, જ્યાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ, પ્રવાસન સ્થળ દીવ, સાસણ, તુલસીશ્યામ સહિત આસપાસમાં અનેક ફરવા લાયક સ્થળો આવેલા છે. દેશ વિદેશમાંથી લોકો ગીર સોમનાથના આ તમામ સ્થળોની મુલાકાત લેતા હોય છે. પરંતુ અફસોસ આ પર્યટકો માત્ર રોડ રસ્તાઓને કારણે પરેશાન થાય છે. છેલ્લા ૯ વર્ષથી વધુ સમય વિતવા છતાં સોમનાથ-ભાવનગર હાઈવેનું નવીનીકરણ પૂર્ણ થયું નથી. અહીંનું કામ ગોકળગાયની ગતિએ ચાલે છે. અહીંથી રાત્રીના સમયે પસાર થવું જોખમ ભર્યું છે. કારણ કે જે રીતે ડાઈવર્ઝનો આપ્યા છે તેને લઈ બંને સાઈડના વાહનો સામસામે આવી જાય છે. અનેક જગ્યા પર ઓવરબ્રિજ પણ મુક્યા નથી કે પડતી ચોકડીઓ પાસે સાવચેતી દર્શાવાતી કોઈ વ્યવસ્થા ના હોવાને લીધે સતત અકસ્માતનો ભય સતાવે છે.

આ બિસ્માર હાઈવેના ડાઈવર્ઝનોને કારણે આસપાસમાં વસતા ખેડૂતો ધૂળની ડમરીઓથી ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. તો સાથોસાથ અનેક જગ્યાએ કોન્ટ્રાક્ટર દ્વારા નાળા પુલિયાના કામો બાકી રાખતા અને ચોમાસા આડે થોડા દિવસો બાકી હોય ત્યારે આ નાણાં પુલિયાના કામો પણ નહીં થાય તો ખેડૂતોમાં જમીન ડુબમાં જવાની ભીતિ પણ સેવાઈ રહી છે. ત્યારે આ હાઈવે પરના તમામ ડાયવર્ઝનો સત્વરે પેવરથી મઢી અને સરખા કર્યા બાદ સૂચિત સાઈન બોર્ડ લાગવી બાકી નાળા પુલ અને ગટરોના કામ કરવા તાત્કાલિક ઉગ્ર માંગણી ઉઠવા પામી છે.

# સરદાર પટેલ ઉ.માધ્યમિક શાળા જોષીપુરાનું ધો.૧૨ કોમર્સનું અભૂતપુર્વ પરિણામ





જૂનાગઢ તા. ૧૧

શ્રી સરદાર પટેલ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળા જોષીપુરા જૂનાગઢમાં અભ્યાસ કરતા ધો.૧૨ કોમર્સના વિદ્યાર્થીઓએ માર્ચ-૨૦૨૩-૨૪ માં અભુતપુર્વ પરિણામ હાંસલ કર્યુ છે. શાળામાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરતા કુલ બે વિદ્યાર્થીઓ અને એ- ૨ ગ્રેડ પ્રાપ્ત કરનાર કુલ ૩૧ વિદ્યાર્થીઓએ ઉચ્ચ પરિણામ મેળવ્યું છે. આ તકે સંસ્થાના ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટી જે.કે. ઠેસીયા, સમગ્ર ટ્રસ્ટી ગણ તથા શાળાના વિભાગીય વડા ઉમેશભાઈ હીરપરા તેમજ સમગ્ર સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીનીઓનો શુભેચ્છા પાઠવી હતી.

### ચંદનના લાકડાને મશીન દ્વારા લેપ તૈયાર કરવામાં આવે છે

# અખાત્રીજનો મહિમા : સ્વામિનારાયણ ભગવાનને ચંદનનો લેપ લગાવ્યો

## ગરમીમાં સ્વામિનારાયણ ભગવાનને ઠંડક આપવા માટે આઠ કિલો ચંદનમાંથી બનાવ્યા વાઘાનો શણગાર



અમદાવાદ, તા.૧૧

અખાત્રીજનો દિવસ ખાસ ગણ્યા છે. શાસ્ત્રો અનુસાર અક્ષય તૃતીયાએ બધા પાપોનો નાશ કરવા અને તમામ સુખ પ્રદાન કરવા માટે શુભ તિથિ છે. આ દિવસે કરવામાં આવેલ કોઈપણ શુભ કાર્ય નિશ્ચિતરૂપે સફળ થાય છે. તેથી, અક્ષય તૃતીયાને લગ્ન, ગૃહ પ્રવેશ, નવો ધંધો, ધાર્મિક વિધિ અને પૂજા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. શાસ્ત્રોમાં અક્ષય તૃતીયાને શુભ કાર્યો માટે અબુજા મુહૂર્તા તરીકે જોવામાં આવે છે. આ અક્ષય તિથિ પરશુરામજીનો જન્મદિવસ હોવાથી પરશુરામ તિથિ પણ કહેવામાં આવે છે. માનવામાં આવે છે કે મહર્ષિ વેદ વ્યાસે અક્ષય તૃતીયાના દિવસથી જ મહાભારત લખવાનું શરૂ કર્યું હતું. આ સાથે સતયુગ, દ્વાપરયુગ અને ત્રેતાયુગની શરૂઆત અક્ષય તૃતીયા સાથે કરવામાં આવી છે. અક્ષયનો અર્થ જેનો ક્યારેય ક્ષય થતો નથી.

સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરાગત અનુસાર ગ્રીષ્મ ઋતુ - વૈશાખ માસની ગરમીમાં ભગવાનને ઠંડક મળે તેવા હેતુથી શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહાપ્રભુ, શ્રી હરિકૃષ્ણ મહારાજને ચંદનના વાઘાના મનોરમ્ય શણગાર સજાવવામાં આવ્યા હતા. ભૂમંડળ સ્થિત તીર્થોત્તમધામ મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અનુજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના મોટેરા સંતોએ શ્રી સ્વામિનારાયણ ભગવાનને વૈશાખ સુદ ત્રીજ - અખાત્રીજના પવિત્રતમ દિવસે તથા પૂજનીય સંતોએ અખાત્રીજનો દિવસે ચંદનનાં મનોરમ્ય શણગાર ધરાવવામાં આવ્યો. ચંદનના લાકડાને મશીન દ્વારા લેપ તૈયાર કરવામાં આવે છે.

### રાદડિયાની જીત બાદ વધુ એક મોટા સમાચાર

# દિલીપ સંઘાણી ફરી વખત IFFCO ના ચેરમેન બન્યા



## ઈફ્કો પર ગુજરાતના નેતાઓનો દબદબો, દિલીપ સંઘાણી ફરી ઈફ્કોના ચેરમેન બન્યા, બિનહરીફ વરણી થઈ

નવી દિલ્હી, તા.૧૧

IFFCOની ચૂંટણીએ ગુજરાતના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. ઈફકોની ચૂંટણીમાં જયેશ રાદડિયાની શાનદાર જીત બાદ હવે સહકારી ક્ષેત્રથી વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે. દિલીપ સંઘાણી ફરી ઈફકોના ચેરમેન બન્યા છે. દિલીપ સંઘાણીની બિનહરીફ વરણી થઈ છે. તો બલવીર સિંહ ઈફકોના વાઈસ ચેરમેન બન્યા છે. આ સાથે જ ઈફકો પર ગુજરાતના નેતાઓનો દબદબો યથાવત જોવા મળ્યો. ઉલ્લેખનીય છે કે, IFFCO વિશ્વની ટોચની ૩૦૦ સહકારી સંસ્થાઓમાં નંબર ૧ સહકારી છે, જે ગયા વર્ષથી તેનું સ્થાન ધરાવે છે.

આજે દિલ્હી ખાતે ઈફકો ચેરમેનની ચુંટણી માટે બોર્ડ મીટિંગ વહેલી સવારથી જ શરૂ થઈ ગઈ હતી. ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી બોર્ડમાં નક્કી થઈ હતી. જેમાં જયેશ રાદડીયાએ પણ મતદાન કર્યુ હતું. દિલીપ સંઘાણી લગભગ બિનહરીફ થશે એ ફાઈનલ જ હતુ. દિલીપ સંઘાણીએ ઈફકોના ચેરમેન માટે નોમિનેશન રજુ કર્યુ હતું. અંતે તેઓ બિનહરીફ થયા હતા.

IFFCOની ચૂંટણીમાં બિપિન પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે જંગ હતો. દિલ્હીમાં ઈફકોની ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું હતું. જેમાં જયેશ રાદડિયાની શાનદાર જીત થઈ છે. સહકારી આગેવાન જયેશ રાદડિયા ૧૦૦ થી વધુ સૌરાષ્ટ્રના મતદારોને લઈને દિલ્હીમાં પહોંચ્યા હતા. ઈફકોની ચૂંટણીમાં જયેશ રાદડીયાને ૧૦૦ થી વધુ મત મળે તેવી શક્યતા હતી, પરંતુ જયેશ રાદડિયાને ૧૧૪ જેટલા મત મળ્યા છે. ઈફકો ચૂંટણીને લઈને ભાજપમાંથી બિપીન ગોતાને મેન્ડેટ આપવામાં આવ્યું હતું. પરંતું જયેશ રાદડીયાએ ભાજપના મેન્ડેટ વિરૂદ્ધ જઈને ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી.

એક તરફ રાદડિયા માંડવિયા માટે પ્રચાર કરતા રહ્યા તો બીજી તરફ તેઓ ઈફકોની ચૂંટણીમાં પાર્ટીની વિરુદ્ધમાં ઊભા રહ્યા. ગુજરાતના સહકારી ક્ષેત્રમાં ભાજપનું વર્ચસ્વ છે. આ વિભાગના કેન્દ્રમાં મંત્રી અમિત શાહ છે, તેથી આ ચૂંટણીને લઈને રાજકારણ ગરમાયું છે. રાદડિયા અગાઉ ડિરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાયા હતા.

આમ ભાજપના નેતાઓ વચ્ચે જ ભારે રસાકસી જામે તેવી પૂરી સંભાવના છે. ઈફકો ભારતીય સહકારી સંઘની માલિકીપણા હેઠળ છે. વર્ષ ૧૯૬૭માં ફક્ત ૫૭ સહકારી સમિતિઓની સાથે આ સમિતિમાં આજે ૩૬,૦૦૦ કરતા પણ વધારે ભારતીય સહકારી સમિતિઓ સામેલ છે. ખાતર બનાવીને વેચવાના મુખ્ય વ્યવસાયની ઉપરાંત આ સમિતિઓનો વ્યવસાય સામાન્ય વીમાથી માંડીને ગ્રામીણ દૂરસંચાર જેવા વિવિધ સેક્ટર્સ સુધી ફેલાયેલો છે. ઈફકો ભારતના ૬ કરોડ ખેડૂતોને સેવા પ્રદાન કરે છે. ભારતના ખૂણેખાંચરે રહેતા ખેડૂતો સુધી ખાતર પહોંચાડવાનો આકરો પડકાર ઈફકોના માર્કેટિંગ વિભાગની સામે રહેલ છે. ઈફકોએ દુનિયાભરમાં પોતાના પ્રભાવનો વિસ્તાર કર્યો છે.

# શ્રી કાશી વિશ્વનાથ મહાદેવનો સોમવારે પાટોત્સવ ઉજવાશે

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ હેઠાણ ફળીયા, નાગર રોડ ઉપર આવેલ કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરનો પાટોત્સવ વૈશાખ સુદ છઠ્ઠ ને સોમવાર તા. ૧૩-૫-૨૪ ના રોજ ઉજવવામાં આવનાર છે. આ પ્રસંગે લોક કલ્યાણ અર્થે અભિષેકનું આયોજન કરવામાં આવેલ છે. જે સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી યોજાશે. આ ધર્મ પ્રસંગનો લાભ લેવા સર્વે ધર્મ પ્રેમી જનતાને વિનોદભાઈ ભટ્ટ તથા અનિલભાઈ ભટ્ટની યાદીમાં આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# આજે ગણેશ ચોથ રિધ્ધિ સિધ્ધિ પામવા કરો આ ઉપાય

આ દિવસે નવા ઘઉ માંથી બનાવેલા લાડવા ગણપતિ દાદાને ધરાવી અને ત્યાર પછી જ નવા વર્ષના ઘઉં વાપરવાની શરૂઆત થાય છે તથા ઘરના મુખ્ય દરવાજા ઉપર સિંદૂરથી શુભ લાભ તથા શ્રી લખવું ઘરમાં રિદ્ધિ સિદ્ધિની પ્રાપ્તિ થશે. આજરોજ વૈશાખ સુદ ચોથને શનિવાર તા ૧૧.૫.૨૪ના દિવસે ગણેશ ચોથ છે. વૈશાખ મહિનામાં આવતી શુકલ પક્ષની ચોથ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ગણેશ ચોથ તરીકે ઉજવાય છે. એક માન્યતા પ્રમાણે આ દિવસે ગણપતિદાદાના લગ્ન થયેલા. દરેક શુભ કાર્યોમાં ગણપતિ દાદાની પ્રથમ પૂજા કરવામાં આવે છે. ગણપતિ દાદા વિઘ્નોના હર્તા છે. ગણપતિદાદાનો પ્રિયવાર મંગળવાર છે. લાલ વસ્ત્ર લાલફુલ સોપારી ગણપતિદાદાને પ્રિય છે. લગ્ન જેવા શુભ પ્રસંગોમાં દિવાલમાં કરવામાં આવતા કંકુના ચાંદલા એટલે કે દેરડીની પૂજા કરીએ છીએ તે ગણપતિદાદાનો પરિવાર છે જેને માતૃકા કહેવામાં આવે છે. ગણપતિદાદા રિધ્ધિ સિધ્ધિ સાથે પૂજામાં સપરિવાર પધારે છે. શનીવારે ગણેશ ચોથના દિવસે સવારે નિત્ય કર્મ કરી ત્યારબાદ બાજોઠ કે પાટલા પર લાલવસ્ત્ર પાથરી તેના ઉપર ઘઉંની ઢગલી કરી ગણપતિદાદાને બીરાજમાન કરવા તેની બન્ને બાજુ સોપારીમાં રિધ્ધિ સિધ્ધિ રાખવા, દાદાને સિંદુર લગાડી અને ચાંદલો ચોખા કરવા, લાલ ફુલ અર્પણ કરવું, વસ્ત્ર જનોઈ અર્પણ કરવા, અબીલ ગુલાલ દુર્વા અર્પણ કરવા, ધુપ દીપ અર્પણ કરવા, નૈવેદ્યમાં ગોળથી બનાવેલા મોદક એટલે કે લાડવા ધરાવા, આરતી કરી ત્યારબાદ પ્રાર્થના કરવી, અમારા જીવનમાં કોઈ વિઘ્નો ના આવે ક્ષમા યાચના માગવી. ત્યારબાદ પ્રસાદ ખાવો. ગણપતિદાદાની ચોખા ચડાવી અંગ પુજા કરી શકાય. ઓમ કપર્દિગણનાથાય નમઃ પગની પૂજા કરવી, ઓમ ગણેશાય નમઃ ગોઠણની પુજા કરવી, ઓમ ગણનાથાય નમઃ સાથળની પુજા કરવી, ઓમ રણકીડાય નમઃ કટિની પૂજા કરવી, ઓમ વક્તુંડાય નમઃ હૃદયની પૂજા કરવી, ઓમ લંબોદરાય નમઃ કંઠની પૂજા કરવી, ઓમ હેરંબાય નમઃ હાથની પૂજા કરવી, ઓમ વિકટાય નમઃ મુખની પૂજા કરવી, ઓમ વિઘ્નરાજાય નમઃ નેત્રની પૂજા કરવી, ઓમ ધ્રુમવર્ણય નમઃ મસ્તકની પૂજા કરવી, ઓમ કપર્દિનેમ નમઃ બોલી દાદાના આખા શરીર પર ચોખા ચડાવવા.

આમ ગણપતિ દાદાની પૂજા કરવાથી અને વૈશાખ સુદ ચોથ ગણેશ ચોથના દિવસે વ્રત રહેવાથી ઘરમાં રિધ્ધિ સિધ્ધિની પ્રાપ્તિ થાય છે. જે લોકોને જીવનમાં વારંવાર વિઘ્નો આવતાં હોય તથા જે લોકોને પોતાનું મકાન ના હોય તેવા લોકોએ ગણપતિદાદાની પૂજા કરવાથી જીવનના વિઘ્નો દૂર થાય છે અને પોતાના રહેવાના મકાનની પ્રાપ્તિ થાય છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)



ભીક્ષામાં શિખંડ-પુરી આપો ને.. આજે મારો જન્મદિવસ છે!



આ કાળઝાળ ગરમીમાં એકાદ વિદેશ પ્રવાસ કરાવી દો ને!

# અખાત્રીજના પાવન પર્વે હરિયાણાના કુરુક્ષેત્રમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે પ્રાકૃતિક રાષ્ટ્રીય કક્ષાના કૃષિ વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો દ્વારા વિસ્તૃત વિચાર-વિમર્શ



ગાંધીનગર તા.૧૧

અક્ષય તૃતિયા-અખાત્રીજના પાવન પર્વે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે દેશભરના પ્રાકૃતિક કૃષિ તજજ્ઞોની ચિંતન બેઠક-કાર્યશાળા યોજાઈ હતી. હરિયાણામાં કુરુક્ષેત્ર ખાતે આયોજિત કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિ નિષ્ણાતોની આ બેઠકમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રમાણિકરણ માટે સચોટ અને સરળ પદ્ધતિ વિકસાવવા તથા પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના માનદંડ નિર્ધારણ કરવા અંગે વિસ્તૃત વિચાર-વિમર્શ કરાયો હતો.

હરિયાણાના કુરુક્ષેત્રમાં ૧૮૦ એકરના પ્રાકૃતિક કૃષિ ફાર્મમાં શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ વર્ષોથી પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે. કુરુક્ષેત્ર ખાતે આયોજિત આ બેઠકમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને યોગ્ય બજાર મળે, યોગ્ય ભાવ મળે અને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો ખરીદવા ઈચ્છતા ગ્રાહકોને ખાતરીબદ્ધ ઉત્પાદનો મળે એ હેતુથી યોગ્ય માનદંડ નક્કી થાય અને ચોક્કસ નીતિ ઘડતર થાય એ વર્તમાન સમયની તાતી જરૂરિયાત છે. પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રમાણિકરણ-સર્ટિફિકેશનની પદ્ધતિ સરળ, સચોટ અને ઝડપી હોય એ જરૂરી છે એમ પણ તેમણે કહ્યું હતું.

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ બેઠકમાં કૃષિ વિશેષજ્ઞો અને કૃષિ વૈજ્ઞાનિકોને સંબોધતાં કહ્યું હતું કે, સંશોધનોમાં આવ્યું છે કે, આપણે જે ઘઉં અને ચોખા ખાઈએ છીએ તેમાં જરૂરી પોષક તત્વો છે જ નહીં, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધારે પડતા ઉપયોગથી અનાજ, ફળ અને શાકભાજીના માધ્યમથી ધીમું ઝેર આપણા શરીરમાં પ્રવેશી થયું છે. પરિણામે આપણે ગંભીર બીમારીઓનો ભોગ બની રહ્યા છીએ. ગ્લોબલ વૉર્મિંગ માટે પણ રાસાયણિક ખેતી ૨૪% જવાબદાર છે. તો સામે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી જમીનની ગુણવત્તા અને કૃષિ ઉત્પાદનોની ગુણવત્તા સુધરે છે. સૌને સ્વાસ્થ્યપ્રદ અનાજ મળે છે. ખેડૂતો ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકે છે. એટલું જ નહીં, પ્રાકૃતિક ખેતીના પાક વધુ મજબૂત અને સક્ષમ હોવાથી કુદરતી આફતો વખતે ખેડૂતોને ઓછું નુકસાન વેઠવું પડે છે. આ તમામ બાબતો કૃષિ વૈજ્ઞાનિકોના સંશોધનો પછી સાબિત થઈ છે, પરિણામે વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી રહ્યા છે અને વધુને વધુ લોકો પ્રાકૃતિક ખેત ઉત્પાદનો ખરીદવા આગળ આવી રહ્યા છે. ત્યારે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રમાણિકરણ માટે ચોક્કસ નીતિ નિર્ધારણ થાય તે વર્તમાન સમયની માંગ છે. આ દિશામાં વિચાર-વિમર્શ કરવા હજુ વધુ બેઠકો યોજાશે.

ભારતના નિષ્ણાત કૃષિ વૈજ્ઞાનિકો પદ્મશ્રી ડૉ. હરિઓમ, હિમાચલ પ્રદેશના પ્રો. રાજેશ્વર ચંદેલ, આંધ્રપ્રદેશના ડૉ. ડી.વી. રાયડુ, હરિયાણાના ડૉ. બલજીતસિંહ સહારન, ડૉ. રાજીન્દર ચૌધરી, પંજાબના શ્રી ઉમેન્દ્ર દત્ત, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી ડૉ. સી. કે. ટીંબડીયા, ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટસ સર્ટિફિકેશન એજન્સી ગોપકાના પૂર્વ ક્વૉલિટી મેનેજર શ્રી રમણ ઓઝા, ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ ઑર્ગેનિક એગ્રીકલ્ચર મુવમેન્ટના બોર્ડ મેમ્બર શમિકા મોને, પાર્ટીસીપેટરી ગેરન્ટી સિસ્ટમ ઑફ ઈન્ડિયાની ઑર્ગેનિક કાઉન્સિલના સેક્રેટરી શ્રી જોય ડેનિયલ, તેલંગાણાના શ્રી રવિન્દ્ર એ. શ્રીમતી ચંદ્રકલા પી. એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસડ ફૂડ પ્રોડક્ટસ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી અપેડાના જનરલ મેનેજર ડૉ. સાસ્વતી બોઝ, એસોસીએશન ઓફ ઈન્ડિયન ઓર્ગેનિક ઈન્ડસ્ટ્રીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડૉ. પીવીએસએમ ગૌરી, ભારત સરકારના કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલયના સંયુક્ત સચિવ ડૉ. યોગીતા રાણા, નાયબ સચિવ રચના કુમાર તથા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ-ૈષ્ઠટ્ઠિ ના ઉચ્ચ અધિકારીઓએ આ બેઠકમાં ઉપસ્થિત રહીને પરિણામલક્ષી વિચાર-વિમર્શ કર્યો હતો.


આ બેઠકમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે 'નેચરલ ફાર્મિંગ એન્ડ સાયન્સ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. પદ્મશ્રી ડૉ. હરિઓમ, ડૉ. બલજીતસિંહ સહારન, ડૉ. વિજય અને ડૉ. વેદપાલ ચહલ લિખિત હિન્દી પુસ્તક 'પ્રાકૃતિક કૃષિ કે મૂલભૂત સિદ્ધાંત' નું આ અંગ્રેજી સંસ્કરણ પ્રાકૃતિક કૃષિમાં રસ ધરાવતા સંશોધકો, વૈજ્ઞાનિકો અને ખેતી નિષ્ણાતોને વિશેષ ઉપયોગી થઈ પડશે.

# વૈશાખ સુદ પાંચમ-તિથી મુજબ આજે સોમનાથ મહાદેવ મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા દિવસ
















(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૧

ભારતના બાર જયોતિર્લીંગમાં પ્રથમ વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરનો તિથી મુજબ પ્રાણ પ્રતિષ્ઠા દિવસ વૈશાખ સુદ પાંચમના રોજ છે. વૈશાખ સુદ ૫ શકે ૧૮૭૩ તા.૧૧-૫-૫૧ના રોજ તત્કાલીન ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્રપ્રસાદના વરદ હસ્તે થઈ હતી. તે દિવસે સવારે ૮-૩૦ વાગ્યે રાજેન્દ્રબાબુ સોમનાથ પહોંચ્યા અને યજ્ઞનારાયણની ત્રણ પ્રદક્ષિણા કરી શ્રી તર્કતિર્થે બાબુજીના કપાળે કેસરી તિલક કર્યુ અને રાષ્ટ્રપતિએ ષોડષોપચારે પુજા કરી.

તે દિવસના શુક્રવાર સવારે ૯ વાગીને ૪૬ મીનીટે સોમનાથની પીંડી નીચે શાસ્ત્ર અનુસરી હીરા, માણેક, રત્નો નાખવામાં આવ્યા. બાબુજી સાથે તેમના પત્ની પોતે મંદિર ગર્ભગૃહમાં પુજામાં બેસી ૯ વાગીને ૪૬ મીનીટે સુવર્ણ શલાકા ઉપાડી(સુવર્ણ શલાકા)સોનાની ત્રણ અથવા ચાર ઈંચની બારીક સળી)પીંડમાં થળની કોર બરાબર બેસાડતી વખતે શિવલિંગના નીચેના ભાગ અને થળું એ બંને વચ્ચે તેની બારીક છિદ્રમાં પરોવીને રાખેલી હોય છે અને સ્થાપનાના મંત્ર શરૂ થતાં જ તે બહાર કાઢવાની જેથી મુર્તિમાં દેવત્વ સ્થિર થયેલું સમજી આગળનો મંત્ર બોલવામાં આવ્યો અને સુસ્થરોભવ એવું વેદ પંડિતો બોલ્યા રાષ્ટ્રપતિ અત્યંત શ્રધ્ધાપુર્વક તન્મયતા સાથે આ વિધીમાં ભાગ લીધો.

પ્રાણ પ્રતિષ્ઠા થતાં જ તે જ સમયે સાગર પર રાખેલી નૌકા પર પુષ્પોથી સજાવેલી હોડીઓમાંથી જય સોમનાથના ગગનભેદી ઘોષ નાદો થયા અને મંદિર નજદીક એકસો એકવીસ તોપના ધડાકા સાથે પ્રસંગ ઉજવાયો.

સોમનાથ પ્રાણ પ્રતિષ્ઠા સમયે ભારતની તમામ નદીઓના તેમજ વિશ્વની ૨૮ નદીઓ અને સાગરના જળ અને ૧૫ મહાસાગરો અને સરોવરોના જળથી સોમનાથ મહાદેવનો જળાભિષેક કરાયો હતો.

રાષ્ટ્રપતિએ તે સમયે સંદેશ આપ્યો હતો કે, મંદિરનું નિર્માણ એ કાંઈ ભુતકાળમાં પાછા જવાનો પ્રયત્ન નથી પણ સોમનાથ મંદિરનું પુનઃ નિર્માણ આપણા સહુ માટે એ જીવંત સંદેશો લાવે યછે કે ખંડનની તાકાત કરતાં નવનિર્માણની તાકાત સદા સર્વથા અને હરહંમેશ અધિક શક્તિશાળી છે.

ધર્મ અને સંસ્કૃતિ લોકોને જોડનારા હોવાં જોઈએ, લોકોની વૃતિઓને ઉંચે ઉડાવનારા અને તેમાંથી ઉર્ધ્વગામી બનાવનારા હોવાં જોઈએ. સોમનાથ મંદિરના પુનઃ નિર્માણનો આ છે જીવંત સંદેશો.

કનૈયાલાલ મુન્શી લખે છે કે ૧૯૨૨ના ડિસેમ્બરમાં આ ખંડિત મંદિરની મેં યાત્રા કરી હતી અને ખંડિત, ભસ્મીભુત થયેલ અને પરાજીત એવું આ તિર્થ સભામંડળમાં તુટલે ફરસ, ખંડિત સ્થંભો અને વેરવિખેર પથ્થરો જોઈ મારૂ હૃદય દ્રવી ઉઠયું હતું. સર્વત્ર સુમસામ હતું અને કોઈક અધિકારીનો ત્યાં બાંધેલો ઘોડો હતો. આજે સોમનાથ મહાદેવનું મંદિર વિશ્વભરના ભાવિકો આસ્થા સાથે આવે છે અને ટેકનોલોજીથી દર્શન કરી ધન્ય બને છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાનું ધોરણ ૧૦ નું ૮૦ ટકા પરિણામ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૧

ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૪ માં લેવામાં આવેલી ધોરણ ૧૦ની પરીક્ષાનું આજરોજ જાહેર થયેલું ૮૨.૫૬ ટકા રિઝલ્ટ ગત વર્ષની સરખામણીમાં આશરે ૧૨ ટકા જેટલું ઊંચું આવ્યું છે. આ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ રેકોર્ડ રૂપ ૮૦ ટકા સુધીના નોંધપાત્ર પરિણામ સાથે જિલ્લો સમગ્ર રાજ્યમાં ૨૭મા ક્રમે રહ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાનું ધોરણ ૧૦ નું પરિણામ ગત વર્ષે ૬૭.૨૯ ટકાની સાપેક્ષમાં આ વખતે ૭૯.૯૦ ટકા આવ્યું છે. મહત્વની બાબત તો એ છે કે ગત વર્ષે માત્ર એક શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું હતું. ત્યારે આ વખતે નોંધપાત્ર કહી શકાય એટલી ૧૯ શાળાના તમામ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતાં આ શાળાનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે.

જયારે જિલ્લાની ૩૯ શાળાઓનું પરિણામ ૯૧ થી ૯૯ ટકા વચ્ચે રહ્યું છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લાની એક શાળાનું રીઝલ્ટ ૦ ટકા આવ્યું છે. જયારે અન્ય એક શાળાનું પરિણામ ૧૦ ટકાથી ઓછું આવ્યું છે.

જિલ્લાના ૧૩૭ વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડ, ૮૧૬ વિદ્યાર્થીઓને એ-૨, ૧૨૩૭ વિદ્યાર્થીઓને બી-૧, ૪૮૮ વિદ્યાર્થીઓને બી-૨, ૧૧૬૧ વિદ્યાર્થીઓને સી-૧, ૪૬૯ વિદ્યાર્થીઓને સી-૨ અને ૨૪ વિદ્યાર્થીઓને ડી ગ્રેડ પ્રાપ્ત થયો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા કેન્દ્રમાં ગત વર્ષ ૨૦૨૩ ના ૬૮.૯૯ ટકા સામે આ વખતે ૯.૪૯ ટકાના સુધારા સાથે ૭૮.૪૮ ટકા જેટલું સુંદર પરિણામ આવ્યું છે. આ ઉપરાંત ભાણવડ કેન્દ્રનું ૭૮.૯૩ ટકા (ગત વર્ષે ૬૪.૩૫ ટકા), દ્વારકાનું ૬૩.૬૫ ટકા (ગત વર્ષે ૫૧.૪૧ ટકા), જામ રાવલનું ૮૮.૭૫ (ગત વર્ષે ૬૩.૦૮ ટકા), મીઠાપુરનું ૭૭.૧૯ (ગત વર્ષે ૬૧.૩૪ ટકા), ભાટિયાનું ૮૩.૧૯ (ગત વર્ષે ૭૨.૬૪ ટકા), કલ્યાણપુરનું ૮૯.૭૫ (ગત વર્ષે ૭૪.૦૩ ટકા) અને નંદાણાનું ૯૩.૩૧ (ગત વર્ષે ૭૭.૧૭ ટકા) આવ્યું છે. આમ, સમગ્ર જિલ્લામાં જુદા જુદા કેન્દ્રનું સરેરાશ ૧૦ થી ૨૬ ટકા સુધીનું પરિણામ ઊંચું આવ્યું છે.

છેલ્લા ચાર વર્ષના આંકડા જોઈએ તો વર્ષ ૨૦૨૦ માં ૬૩.૯૫ ટકા, વર્ષ ૨૦૨૨ માં ૬૪.૬૧ ટકા, વર્ષ ૨૦૨૩ માં ૬૭.૨૯ ટકા અને આ વર્ષે ૭૯.૯૦ ટકા રિઝલ્ટ આવતા છેલ્લા ચાર વર્ષથી રાજયના છેવાળાના એવા દેવભૂમિ દ્વારકા જિલ્લાનું પરિણામ ઉતરોતર વધુ સુધરી રહ્યું છે.

આમ, ધોરણ ૧૨ ના સામાન્ય તેમજ વિજ્ઞાન પ્રવાહ બાદ આજરોજ જાહેર થયેલા ધોરણ ૧૦ ના પરિણામમાં પણ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વધારો થયો છે.

દેવભૂમિ દ્વારકાના પરિણામમાં થયેલા આ નોંધપાત્ર વધારા બદલ દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણાધિકારી ડો. હર્ષવર્ધનસિંહ જાડેજા દ્વારા બાળકો તેમજ તેમના વાલીઓ ઉપરાંત આ માટે તનતોડ મહેનત કરવા બદલ જિલ્લાની તમામ શાળાઓના શિક્ષકો, આચાર્યો, ઈન્ચાર્જ આચાર્ય સાથે તત્કાલીન જિલ્લા શિક્ષણાધિકારી એસ.જે. ડુમરાણીયાના પરિણામલક્ષી પ્રયાસોને શ્રેય આપી, તમામના પ્રયાસો અને જહેમતને બિરદાવીને આભાર વ્યક્ત કર્યો હતો.

# અખાત્રીજના પાવન અવસરે ભગવાન શ્રી દ્વારકાધીશને ચંદનનાં મનમોહક શ્રુંગાર કરાયા

## વિવિધ સ્વાદિષ્ટ વ્યંજનો ધરાવાયાઃ એકમ સુધી અલગ અલગ શૃંગાર કરાશે

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૧

અખાત્રીજના ચંદનના વિશેષ શ્રૃંગાર કરવામાં આવ્યા હતા ભગવાન દ્વારકાધીશ ને ઉનાળાના આંકરા તાપમાં ગરમીમાં રાહત રહે તે માટે અષાઢી એકમ સુધી આવતીકાલ શનિવારથી પુષ્પ શૃંગાર કરવામાં આવશે.

દ્વારકાધીશ મંદિરના પૂજારી દ્વારા જણાવાય અનુસાર ભગવાન દ્વારકાધીશ તેમજ અન્ય વૈષ્ણવ સંપ્રદાયોના મંદિરોમાં પ્રભુને ગરમીની મોસમમાં કષ્ટ ના પડે અને વધુ સારી સુખાકારીમાં પ્રભુ રહે તેવી ભાવનાથી પૂજારીઓ દ્વારા ચંદન લેપ કરી ચંદન વાધાના સુંદર મનમોહક શૃંગાર કરવામાં આવે છે.ચંદન શૃંગાર બાદ શ્રીજીને વિશેષ ભોગ ધરાવવામાં આવે છે.જેમાં કેરીનો મુરબ્બો, ચણાની મીઠીદાળ, મગની ખારીદાળ, કેરી, કેરીનો રસ,શિખંડ,ભાત ભારીના ઠંડક આપે તેવા વ્યંજનો પ્રભુને ધરાવવામાં આવે છે બપોરે અખાત્રીજ નિમિત્તે શ્રીજીને વિશેષ આરતી કરવામાં આવી હતી આરતી બાદ પ્રભુએ આરોગેલ ગરમાળુ પ્રસાદ ભાવિકોને પ્રસાદી રૂપે વેચવામાં આવે છે?.અખાત્રીજ થી રથયાત્રા સુધી શ્રીજીને સવારના શૃંગારમાં ડબલ પિછોડબંધ પરધની ધોતી ઉપરણા તથા મલ્કાછ ઉષ્ણકાલીન શૃંગાર કરવામાં આવે છે. સાથે મોતી,છીપ,ચંદન વગેરે અલંકાર ધરાવવામાં આવે છે શ્રીજીને પીછવાઈ વગેરેમાં ભીતરમાં ખસની સાદડી બાંધી તેમાં જલનો છંટકાવ કરી શ્રીજીને સુખાકારીનો ભાવ કરવામાં આવે છે. સાંજના સમયે તિથિ મુજબના પરંપરા અનુસાર ડોલર, જુઈ, ચમેલી,મોગરા વગેરે પુષ્પોના શૃંગાર કરવામાં આવે છે જેથી ભગવાનને શીતળતા પ્રદાન થાય છે અખાત્રીજના દિવસે દ્વારકાધીશના વિશેષ ચંદનના શિંગાર દર્શનનો ભાવિકોએ લાભ લિધો હતો.

# એક પણ રૂપિયો ખર્ચ કર્યા વગર સારૂ રીઝલ્ટ લાવતી ભલગામની મિડલ સ્કૂલ



(વિનુ પુરોહિત દ્વારા) વિસાવદર તા.૧૧

વિસાવદરના ભલગામ ગામની સરકારી મિડલ સ્કૂલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તાજેતરમાં લેવાયેલ ધોરણ ૧૨ ની આપેલ પરીક્ષાનું જાહેર થયેલ રિઝલ્ટ માં મિડલ સ્કૂલ ભલગામની સરકારી શાળાનું ૮૮.૫૭ ટકા રિઝલ્ટ આવ્યું જેમાં શાળામાં પ્રથમ નંબરે બાલાસરા અમીશા ૯૬.૩૨ પીઆર, દ્વિતીય નંબરે અપારનાથી સાક્ષી ૯૫.૮૨ પીઆર અને તૃતીય હરિયાણી જીનલ ૯૪.૯૯ પીઆર સાથે આ ત્રણે ત્રણ દીકરીઓ અને ઉતીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અને ગ્રામ પંચાયત દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# ઉનામાં પરશુરામ ભગવાનના પ્રાગટય દિવસની ઉજવણી



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૧

ઉનામાં પરશુરામ ભગવાન ના પ્રાગટય દિવસ અક્ષય તૃતીયા ના દિવસે ઊના સમસ્ત બ્રહ્મ સમાજ સહ પરિવાર સાથે પરશુરામ ભગવાન ના જન્મ ઉત્સવ ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી બપોર ના તમામ બ્રહ્મ પરિવારે પોતાના કામ ધંધા બંધ રાખી બ્રહ્મ સમાજ ની વાડી એ પધારી ભગવાન પરશુરામ નું શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક પૂજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ શણગારેલ રથ મા પરશુરામ ની મૂર્તિ નું પ્રતીક રાખી અને પરશુરામ ની વેશ ભૂષા ધારણ કરેલ બાળકો ને બેસાડી ગગન ભેદી જય પરશુરામ ના નારાઓ સાથે ભવ્ય શોભા યાત્રા નીકળી હતી જે ટાવર ચોક, પોસ્ટ ઓફીસ ચોક, વાસા ચોક, સોની બજાર, લુહાર ચોક, આનદ બજાર, ત્રિકોણ બાગ, પોલીસ લાઈન થઈ કન્યા વિદ્યાલય ખાતે પૂર્ણ થઈ હતી આ શોભા યાત્રા નું વિવિધ સંસ્થાઓ દ્વારા ઠંડા સરબત થી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ભગવાન પરશુરામ ની મહા આરતી યોજાઈ હતી અને ત્યાર બાદ બે હજાર થી વધુ લોકો એ મહાપ્રસાદ નો લાભ લીધો હતો. રાત્રિ ના સંગીત સંધ્યા મા બ્રહ્મ કલાકારો એ ગીત સંગીત અને હાસ્ય રસ થી લોકોને મનોરંજન આપેલ હતું.

**CHANGE OF NAME**

I HAVE CHANGE MY NAME FROM PAREKH KUSHAL ASHVINKUMAR TO NEW NAME PAREKH KUSHAL ASHVINBHAI. NOW ONWORD I WOULD BE KNOWN AS PER MY NEW NAME PAREKH KUSHAL ASHVINBHAI.

: ADDRES :

PAREKH KUSHAL ASHVINBHAI
802, ISHAN FLAT, DURVESHNAGAR,
JALARAM SOCIETY, JUNAGADH.

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **પારેખ કુશલ અશ્વિનકુમાર** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **પારેખ કુશલ અશ્વિનભાઈ** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**પારેખ કુશલ અશ્વિનભાઈ**
૮૦૨, ઈશાન ફ્લેટ, દુર્વેશનગર, જલારામ સોસાયટી,
જૂનાગઢ - ૩૬૨૦૦૧

**અટક બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જણાવું છે કે, મારૂ જુનુ નામ અસદ ઈમરાન હાલા હતું જે બદલીને હવેથી મે મારૂ નામ ચિસ્તી અસદ નફીઝાબાનુ રાખેલ છે જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**ચિસ્તી અસદ નફીઝાબાનુ**
ઉઝાલા એપાર્ટમેન્ટ, ડાંગરા ચોક, જૂનાગઢ

# વંથલી તાલુકાનાં રવની ગામની સીમમાં ડબલ મર્ડર : પિતા-પુત્રની ગોળી મારી કરપીણ હત્યા

## જુની અદાવત અને મનદુઃખનાં કારણે બનેલી ઘટના : ખૂન કા બદલા ખૂનનાં ઘટનાક્રમે ખળભળાટ મચાવી દીધો



જૂનાગઢ તા. ૧૧ : વંથલી તાલુકાનાં રવની ગામની સીમમાં ગત રાત્રીનાં ૯.૩૦ કલાકનાં સુમારે ડબલ મર્ડરની ઘટના બનતા ભારે ચકચાર મચી ગઈ છે. આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ અગાઉનાં મનદુઃખ અને જુની અદાવતનાં કારણે પિતા-પુત્રની ગોળી મારી કરપીણ હત્યા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પોલીસ સુત્રોએ આપેલી માહિતી મુજબ વંથલીથી ૧૦ કિમી દૂર રવની સીમની ગામની સીમમાં બનેલ ઘટનામાં રવનીનાં રહીશ રફીકભાઈ આમદભાઈ સાંધ અને તેનાં પુત્ર જીહાન રફીકભાઈ સાંધની ૬ થી ૭ શખ્સોએ બંદૂકની ગોળી મારી કરપીણ હત્યા કરી નાંખી હતી. જેમાં શકદાર તરીકે હુસેન ઈસ્માઈલ સાંધ સહીતનાં લોકોનાં નામ આપવામાં આવ્યા છે. આ ઘટનાક્રમમાં જુની અદાવત કારણભૂત હોવાનું જાણવા મળેલ છે. જેમાં અગાઉ તા. ૮-૩-૨૦૨૩નાં રોજ રવની ગામ ખાતે નામચીન શખ્સની હત્યા થઈ હતી. જેમાં આ હત્યાનાં બનાવમાં મરણજનારે બાતમી આપી હોવાનો શક અને ખાર રાખી ૬ થી ૭ જેટલા શખ્સોએ ગત રાત્રીનાં ૯.૩૦ કલાકે બંદૂક તેમજ તીક્ષણ હથીયારો વડે હુમલો કર્યો હતો. આ બનાવને નજરે જોનાર સાક્ષીનાં જણાવ્યા મુજબ તેની નજર સામે જ આ સમગ્ર ઘટના બની હતી. અને ફાયરીંગ થતા સાક્ષી નાશી છુટયો હતો. પોલીસનાં જણાવ્યા મુજબ આ બનાવમાં કુહાડી, ધારીયા અને અગ્નિશસ્ત્ર સહીતનાં હથીયારોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મુખ્ય શકદાર આરોપી તરીકે હુસેન ઈસ્માઈલ સાંધનું નામ આપવામાં આવ્યું છે. આ બનાવની જાણ થતાં વંથલી પોલીસ તેમજ ડીવાયએસપી બી.સી. ઠકકકર ઘટના સ્થળે દોડી ગયા હતાં અને બંને લાશનો કબ્જો મેળવી જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં પીએમ માટે ખસેડવામાં આવેલ. આ બનાવ અંગે ડીવાયએસપી બી.સી. ઠક્કરે માહિતી આપતા જણાવેલ કે આ બનાવમાં હુસેનભાઈ ઉમરભાઈ સાંધ (ઉ.વ.૬૦) રહે. રવનીવાળાએ આરોપીઓ (૧) રહિમ ઉર્ફે ખુરી ઈશાભાઈ સાંધ, રહે. ઝાંપોદડ (૨) જુમાભાઈ હબીબભાઈ સાંધ રહે. રવની, (૩) હનીફ ઈસ્માઈલભાઈ સાંધ રહે. રવની (૪) અબ્દુલ ઉર્ફે અબ્લો ઈબ્રાહીમ સાંધ રહે. રવની, (૫) ઈસ્માઈલ ઈબ્રાહીમ સાંધ રહે. રવની (૬) પોલાભાઈ યુસુફભાઈ સાંધ રહે. ઝાંપોદડ (૭) હુસેન અલારખા સાંધ રહે. રવનીવાળા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે આ બનાવમાં આઈપીસી ૩૦૨, ૧૧૪, ૧૪૬, ૧૪૭, ૧૪૮ અને આર્મ્સ એકટની કલમ ૧૨૦(બી) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હાલમાં તમામ આરોપીઓ ફરાર થઈ ગયા છે જેમને ઝડપી લેવા માટે પોલીસ કાર્યવાહી કરી રહી છે. ડીવાયએસપી બી.સી. ઠક્કર બનાવનું વીઝીટેશન કરી રહયા છે. ટુંકસમયમાં જ આરોપીઓને ઝડપી લેવામાં આવશે તેવું જણાવેલ છે. આમ વંથલી પંથકમાં જુની અદાવત અને મનદુઃખનાં કારણે ડબલ મર્ડરનો બનાવ બનતાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# જૂનાગઢમાં ભગવાન પરશુરામજીનાં પ્રાગટય મહોત્સવની ઉત્સાહભેર થયેલી ઉજવણી











જૂનાગઢ તા. ૧૧ જૂનાગઢ શહેરમાં બ્રહ્મસમાજનાં આરાધ્ય દેવ ભગવાન પરશુરામજીનાં પ્રાગટય મહોત્સવની ગઈકાલે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં. આગલા દિવસે પૂ. મુકતાનંદ બાપુનાં અધ્યક્ષ સ્થાને અને ડો. મહાદેવપ્રસાદ મહેતા, મહેશગીરી બાપુ વગેરે સંતોની ઉપસ્થિતિમાં બાઈક રેલી, મહાઆરતી સહીતનાં કાર્યક્રમો યોજાયા હતા. જયારે ગઈકાલે એક વિશાળ શોભાયાત્રા નીકળી હતી.

પરશુરામજીનાં પ્રાગટય મહોત્સવની ઉજવણી અંતર્ગત યોજાયેલી શોભાયાત્રા શહેરનાં વિવિધ માર્ગો ઉપરથી પસાર થઈ હતી. જેમાં વિવિધ આકર્ષક ફલોટ તેમજ મહીલા પાંખનાં બહેનોની તલવારબાજીનાં દાવપેચ તેમજ ભુદેવ બાળાઓ દ્વારા તૈયાર કરાયેલા રંગોળી લોકઆકર્ષકનું કેન્દ્રા બની હતી. તળાવ દરવાજાથી શરૂ થયેલી શોભાયાત્રા વિવિધ માર્ગો ઉપરથી પસાર થઈ ભવનાથ મંદિરે સંપન્ન થઈ હતી. જયાં બ્રહ્મભોજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ શોભાયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવેલ હતું. તેમજ વિવિધ ક્ષેત્રનાં આગેવાનો, અગ્રણીઓએ શોભાયાત્રામાં જોડાયા હતાં અને જૂનાગઢ શહેર અને જીલ્લાભરમાં પરશુરામજીનાં જન્મોત્સવની ઉત્સાહભેર, ઉમંગભેર અને ભકિતભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પૂજન, આરતી, શોભાયાત્રા, બ્રહ્મભોજન સહીતનાં અનેક કાર્યક્રમો યોજાયા હતાં.

કાર્યક્રમને સફળ બનાવવા બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટનાં સંસ્થાપક જયદેવભાઈ, જોષી, કાર્તિક ઠાકર, મનીષ ત્રિવેદી, પી.સી. ભટ્ટ, વિરેન્દ્ર જોષી, પરાગ પંડયા તેમજ કાર્યકર્તાઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

શોભાયાત્રાનાં રૂટ ઉપર ઘોડો ઘુસી જતાં આઠેક વ્યકિતને ઈજા પહોંચી હતી

ગઈકાલે જૂનાગઢ શહેરમાં ભગવાન પરશુરામજીનાં પ્રાગટય દિનની ઉજવણી અંતર્ગત શોભાયાત્રા યોજવામાં આવી હતી. દરમ્યાન શોભાયાત્રાની બગીમાં રહેલા બે ઘોડા ભડકયા હતાં જેથી અડધી શોભાયાત્રામાં બગીને દૂર કરવામાં આવી હતી. અને બગી ટ્રાફીક હોવાથી પસાર થઈ શકે તેમ ન હોય જેથી બંને ઘોડાને બગીમાંથી છોડાવીને બીજા રસ્તેથી લઈ જતા હતાં તે દરમ્યાન એક છોકરાનાં હાથમાંથી એક ઘોડો છટકયો હતો અને પંચહાટડી ચોક પાસેની શાકમાર્કેટમાં ઘુસી ગયો હતો અને ત્યારબાદ શોભાયાત્રાનાં રૂટ ઉપર આવ્યો હતો. અને જયાં સાતથી આઠ વ્યકિતઓને હડફેટે લઈ અને ઈજા પહોંચાડી હતી. જો કે સમયસર માઉન્ટેન વિભાગનાં પોલીસ કર્મચારી કમલેશભાઈ મકવાણાએ કામગીરી કરી અને આ ઘોડાને કાબુમાં લઈ લીધો હતો અને આ રીતે મોટી ઘટના બનતા અટકી હતી.

# ધો.૧૦નું જૂનાગઢ જીલ્લાનું ૭૮.૨૬ ટકા પરિણામ

જૂનાગઢ તા.૧૧ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૪માં લેવામાં આવેલ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાનું આજરોજ પરિણામ જાહેર થયું છે. સમગ્ર રાજયનું ૮૨.૫૬ ટકા પરીણામ આવેલ છે. જયારે જૂનાગઢ જીલ્લાનું ૭૮.૨૬ ટકા પરીણામ જાહેર થયેલ છે. જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ ગુણની વિગત આ પ્રમાણે છે.

જૂનાગઢ જીલ્લામાં એ૧ ગ્રેડ મેળવનાર ૭૩૭ વિદ્યાર્થી, એટુ ગ્રેડ મેળવનાર ૨૧૭૪ વિદ્યાર્થી, બી૧ ગ્રેડ મેળવનાર ૨૮૬૨ વિદ્યાર્થીઓ, બીટુ ગ્રેડ મેળવનાર ૩૨૩૭ વિદ્યાર્થીઓ, સી૧ ગ્રેડ મેળવનાર ૨૬૬૬ વિદ્યાર્થીઓ, સીટુ ગ્રેડ મેળવનાર ૧૦૮૧ વિદ્યાર્થીઓ, ડી ગ્રેડ મેળવનાર ૬૫ વિદ્યાર્થીઓ , ઈ૧ ગ્રેડ મેળવનાર ૧૯૯૪ વિદાર્થીઓ, ઈટુ ગ્રેડ મેળવનાર ૧૫૬૮ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ધો.૧૦ની પરીક્ષામાં સફળ થયેલા તમામ વિદ્યાર્થીઓને સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર દ્વારા

# દિપાંજલી ખાતે આવેલ હનુમાનજી મંદિરનાં પટાંગણમાં કાલથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ



જૂનાગઢ તા.૧૧ આવતીકાલથી જૂનાગઢ દિપાંજલી ૨માં રૂદ્ર હનુમાન મંદીરના પટાંગણમાં શ્રીમદ્ ભગવદ્ સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન થઈ રહયું છે. આ ભાગવત સપ્તાહમાં મુખ્ય યજમાન પદે જી.એમ.રાવલ બિરાજશે. આ સપ્તાહમાં વકતા શાસ્તર હાર્દિકભાઈ ઠાકર(જૂનાગઢ)પોતાની મધુર વાણીથી કથાનું રસપાન કરાવશે.

કથા પ્રારંભ તા.૧૨-૫-૨૪થી શરૂ થશે જયારે તા.૧૮-૫-૨૪ના રોજ વિરામ થશે. કથાનો સમયે બપોરે ૩ થી ૬-૩૦ રહેશે તો આ ભાગવત સપ્તાહનો લાભ લેવા આયોજક તરફથી ધર્મપ્રેમી જનતાને લાભ લેવા આમંત્રણ આપવામાં આવે છે.

# ભારતીય સૈન્યની તાકાત વધી : દુશ્મનોનાં દાંત ખાટા કરશે

નવી દિલ્હી, તા.૧૧ ભારતીય સેના પાકિસ્તાન સરહદ પર દેખરેખ ક્ષમતા વધારવા માટે હર્મેસ-૯૦૦ ડ્રોનનો ઉપયોગ કરવા જઈ રહી છે. તેને દ્રષ્ટિ-૧૦ ડ્રોન તરીકે પણ ઓળખવામાં આવે છે. તેને ૧૮ મેના રોજ હૈદરાબાદમાં સેનાના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં ભારતીય સેનામાં સામેલ કરવામાં આવશે.

વરિષ્ઠ સંરક્ષણ અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેને અદાણી સંરક્ષણ દ્વારા ભારતીય સેનાને સોંપવામાં આવશે. હવે તેનો ઉપયોગ આતંકવાદીઓને નિશાન બનાવવા માટે કરવામાં આવશે.વાસ્તવમાં, ભારતીય સેનાએ કટોકટીની જોગવાઈઓ હેઠળ પેઢી પાસેથી બે ડ્રોનનો ઓર્ડર આપ્યો છે.


## ખોડલધામ ટુર

મથુરભાઈ વાગડીયા
જૂનાગઢ. મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭

(૧) ચાલો ઉત્તરાખંડ ચારધામ
ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, ગોકુલ, મથુરા,
પ્ર. દિવ. ૧૮ ઉ. તા. ૧૫-૫-૨૦૨૪

(૨) ચાલો અમરનાથ બર્ફિલા મહાદેવ
વૈશ્નોદેવી, શ્રીનગર, અમૃતસર, વાઘા બોર્ડર
પ્ર. દિવ. ૧૫ ઉ. તા. ૧-૭-૨૦૨૪

(૩) ચાલો અયોધ્યા બનારસ ગયા
ઉજ્જૈન, ચિત્રકુટ, અલહાબાદ, હરીદ્વાર, ગોકુલ, મથુરા, પૂષ્કર, શ્રીનાથજી
પ્ર.દિવ.૧૫ ઉ. દરમહિને

## ૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

## ડૉ. ધવલ સંઘવી

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

પેટનાં રોગો, વા, દમ, જેવા હઠીલા રોગોની આયુર્વેદિક ચિકિત્સા

## ડો. વિપુલ મહેતા

એમ.ડી.(આર્યુ.) આયુર્વેદ નિષ્ણાંત
શ્રેયસ આયુર્વેદ કલીનીક
૧૨૩ /૨૫ ઈન્દ્રલોક આર્કેડ, મહર્ષિ અરવિંદ માર્ગ, તળાવ દરવાજા, જૂનાગઢ
મો. ૯૮૨૫૧ ૨૦૬૨૪
સમય : સવારનાં ૯ થી ૧ સાંજે ૫ થી ૮

## ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે

૪ રૂમ, ૨ કિચન, ૨ સંડાસ, - ૨ બાથરૂમ
પ્રાઈવેટ પાણીનાં બોર સાથે
બસસ્ટેન્ડની બાજુમાં, ગીરીરાજ રોડ, મોહનનગર, જૂનાગઢ
: સંપર્ક :
નિલેશભાઈ મિસ્ત્રી - જૂનાગઢ
મો. ૮૪૯૦૮ ૬૬૬૩૦
(લાલાભાઈ ધ્રાંગધ્રા)
મો. ૯૯૭૯૪ ૫૮૬૦૦

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.